# અધ્યાત્મ



વર્ષ : ૧૧ ફેબ્રુઆરી-૧૯૯૦ અંક : ૫

# સદ્ભાવભરી ભેટ

સદ્ભાવભરી ભેટોનો પુનિત પ્રવાહ 'અધ્યાત્મ' માસિક માટે ચાલતો રહે છે, તેમાં આ કળીયુગમાં વિરલ એવાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂ. મા શ્રી સર્વેશ્વરી જેવાં સંતોની કૃપાનું ફળ અમે નીહાળીએ છીએ. અનેક વાંચક ભાઈબહેનો પોતાના જીવનના અગત્યના પ્રસંગોએ યાદ કરી ભેટ મોકલતા રહે છે. અધ્યાત્મ એમના જીવનમાં વણાઈ ગયું છે, એમ કહેવું પડે. પ્રભુની કૃપા વિના આવું બનવું શક્ય નથી. એ સહુ ભાઈ બહેનોને અભિનંદન–અને એમનો આભાર.

છેલ્લે મળેલી ભેટોની વિગત નીચે પ્રમાણે છે:-

રૂ.

૫૧ શ્રી સી. જે. પંડ્યા, રાજકોટ–ઉપર નવો બ્લોક બંધાતાં.
૪૦૧ શ્રી બાબુભાઈ એન. પટેલ, તથા મનીષાબેન, પીટસબર્ગ, યુ.એસ.એ.
૯૦ શ્રી ધીરજભાઈ મોઘરિયા, ધાંગધ્રા.
૨૧ શ્રી લતાબેન નટવરલાલ સોરઠિયા, સુરત.
૫૫ શ્રી નરેન્દ્રકુમાર પરસોત્તમદાસ મિસ્ત્રી, વડોદરા.
૨૧ શ્રી ચંદ્રવિદ્યાબેન પી. મિસ્ત્રી, રીટાયર્ડ થતાં.
૫૦ શ્રી રામદાન નારણદાન મીસણ, મોરબી.
૧૦ શ્રી ચંદ્રકાન્ત કે રાવલ, સુરેન્દ્રનગર.
૪૮૩ શ્રી જે. પી. મિસ્ત્રી, કડીપાણી.
૧૦૧ શ્રી શાન્તિલાલ નરભેરામ જપી, મુંબઈ–પુત્ર ધીરેનના જન્મદિન નિમિત્તે.

(અનુસંધાન પૃષ્ઠ ૬૪ ઉપર)

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઈલાલભાઈ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| મને મગરમચ્છ બતાવ | પૂ. મોટા | ૮ |
| ભક્તિનો ઉપાય | રામકૃષ્ણ પરમહંસ | ૧૧ |
| મૃત્યુ પહેલાં અને પછી શું કરી શકાય? | રતિલાલ ભાવસાર | ૧૪ |
| ગીતાધર્મ | લાભુભાઇ દવે | ૨૨ |
| ભાવ વિના બધું નકામું | શ્રેયાર્થી | ૨૫ |
| પરમસમીપે | ગોરધનભાઇ કલોલા | ૨૬ |
| શ્રી કપિલદેવ અગ્નિહોત્રીને શ્રદ્ધાંજલિ | બાબુભાઇ વોરા | ૪૦ |
| સંત તેજાનંદ સ્વામી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૪૨ |
| મન! તું... | ડો. રણજિત પટેલ | ૪૯ |
| કંઇ પણ ખોયા વગર! | ઈશ્વરભાઇ પ્ર. ભક્ત | ૫૦ |
| એક ચાહ | આશા ભક્ત | ૫૫ |
| પુનિત મહારાજના પ્રેરક પ્રસંગો | પુનિત પદરેણુ | ૫૬ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૧ |


# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**


વર્ષ : ૧૧ ફેબ્રુઆરી–૧૯૯૦ અંક : ૫


## શ્રી યોગેશ્વર કથામૃત

**મા શ્રી સર્વેશ્વરી**

**વિ. સં. ૨૦૩૬ ભાદરવા વદ ચૌદશ ને મંગળવાર**
**તા. ૭–૧૦–૧૯૮૦, સ્થળ : સરદારનગર, ભાવનગર.**

આજે માતાજીની વિદાયને ત્રણ દિવસ થઇ પણ ગયા. પાણીના પ્રવાહની જેમ ઝડપથી દિવસો પસાર થઇ રહ્યા છે.

ગઈરાતે પૂ. શ્રીને શાંતનિદ્રા આવી ન હતી. કદાચ વરસોના પોતાના તપસ્વીની સાથીની ચિર વિદાયનાં સ્મરણોજ રાતની નિરવ શાંતિમાં વધુ સંવેદનાત્મક બનતાં હશે. પ્રભુ જાણે.

પૂ. શ્રી કહેવા લાગ્યા "શું? સવારનાં પ્રહરમાં જ માતાજીની વાતો! વિવિધ સંસ્મરણો!"

સવારે થોડી શાંતિથી નિત્યક્રમ થયો. પૂ. શ્રી આજકાલ માતાજીના નિમિત્તે દરરોજ વધારેના ૫૦ (પચાસ) માળા જપ

કરવાનો નિયમ લે છે. માતાજીની પાછળ જપ કરવા જરૂરી છે કે કેમ? અથવા આ મહાપુરુષે જે નિયમ લીધો તે નિયમ આવા સમર્થ સંતને માટે જરૂરી છે કે કેમ? એ પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. પણ ભગવાન કૃષ્ણ દરરોજ હજાર ગાયત્રી જપ કરતા તો ભગવાનને તેની જરૂર ખરી? ના. તો પછી જે જે મહાત્મા લોકકલ્યાણ અર્થે પૃથ્વીપર પધાર્યા તે તે સમાજને એ રીતનું જ્ઞાન ને એ રીતનો આદર્શ ધરવા ને લોકકલ્યાણ અર્થે કરતાં હોય છે.

એ દૃષ્ટિએ પૂ. શ્રી આ બધું કરે એ સમજી શકાય છે. ૫૦ માળા કરવામાં સમય પણ ઘણો જાય છે. તેથી પૂ. શ્રીએ સવારની મુલાકાત બંધ કરી છે. બને ત્યાં સુધી સવારના સાડા અગિયાર વાગ્યા સુધી લગભગ મૌન રાખવાનું પૂ. શ્રી આજકાલ પસંદ કરે છે. એમ પણ વરસોથી પૂ. શ્રી ૮ થી ૧૧ સવારે નિયમિત લેખનકાર્યમાં મગ્ન હોય છે. જેથી મૌન જેવુંજ હોય છે ને! પણ પૂ. શ્રીની માંદગી પછી માતાજીની માંદગીને લીધે એમનો લેખનનો ક્રમ ઘણાં વરસો પછી કંઈક મંદગતિએ શરૂ થયો.

આજે માતાજીનાં અસ્થિ વિસર્જન માટે પાંચ તામ્રપાત્ર ખરીદવા અમે ભાઈશ્રી નારાયણભાઈ સાથે ગયાં. પૂ. શ્રી ઉતારા ઉપરજ મંત્રજપ કરે છે.

અમારા ગયા પછી થોડી જ વારમાં મુંબઈથી પૂ. શ્રીનાં પ્રેમી ભક્તો સોલીસીટર શ્રી સૂર્યકાંતભાઈ, સુધાબેન, કુમુદબેન, પ્રવીણાબેન માતાજીની કરુણ વિદાય પ્રસંગે મળવા આવી ગયાં.

બરાબર સાડા અગિયારે પૂ. શ્રી બહાર આવે છે સૌ ભક્તોને પૂ. શ્રીએ માતાજીની માંદગીની વિગતવાર વાતો ને



સર્વેશ્વરીની સેવા ભાવનાની વાતો કરી. એમાંજ બપોરે દોઢ વાગી ગયો છે.

દોઢ વાગ્યા પછી પૂ. શ્રી અને સર્વેશ્વરી સાથે ભોજન લેવા બહાર મેદાનમાં બેઠાં.

બે વાગ્યા બાદ પૂ. શ્રી આરામ કરે છે. આરામ કરતાં કરતાં પણ માતાજીની વાતો શરૂ થઈ. પૂ. શ્રીએ પોતાની સૂટકેશમાંથી રેશમી લાંબો ટૂકડો કાઢ્યો ને મને કહેવા લાગ્યા કે આ એક સરસ રૂમાલ છે. એ વાત ઉપરથી મને ખ્યાલ આવ્યો કે પૂ. શ્રી માતાજી માટે જ તે ઉપયોગી નીવડશે એવું કહેવા માંગે છે. તેથી મેં કહ્યું, "માતાજીની આ પવિત્ર તસ્વીર એ પવિત્ર રૂમાલ ઉપર મુકીશું."

અને સાચેજ મેં એ રૂમાલ ઉપર માતાજીની તસ્વીર મૂકી દીધી.

બપોરે માતાજીનાં અસ્થિ તથા ભસ્મને પાંચ તામ્રપાત્રમાં મૂકી ઉપર નવા ખરીદિલા સફેદ રૂમાલથી ઢાંકીને એ પૂ. શ્રીના રૂમમાં જ ભીંતના કબાટમાં મૂકી દીધાં.

પૂ. શ્રી કહેવા લાગ્યા, "જુઓને કેવું છે! માણસનો આત્મા ચાલ્યો જાય છે એટલે એ શરીરને લાકડા ઉપર મૂકીને ભસ્મ કરી દેવામાં આવે, જીવતાં જ કોઈને લાકડા ઉપર સૂવાનું કહે તો સૂએ ખરું?"

બિચારાં માતાજીને ગયાંને આજે ત્રણ દિવસો તો થઈ પણ ગયા! એમજ દરેકે ચાલ્યા જવાનું જ છેને! વિ.

સાંજે ગીતાપાઠમાં સંસ્કૃતમાં ૧૨, ૧૫ મો અને સરળગીતાના ત્રીજા અધ્યાયનો પાઠ થયો. શ્રી રામકૃષ્ણદેવની

સ્તુતિ, કબીરનું પદ "મન લાગો મેરો યાર," ધૂન "હે જ્ઞાનેશ્વર, હે ધ્યાનેશ્વર" ગવડાવીને પૂ. શ્રીએ વડોદરાથી આવેલા કુંદનબેન રાણાને માતાજી માટે બોલવાનું કહ્યું. ત્યારબાદ તેઓએ માતાજી વિશે ટૂંકમાં પરિચય આપ્યો.

આજે પૂ. શ્રીએ માતાજીના જીવનના પવિત્રતા સાચવવાના બે પ્રસંગો, એક પ્રસંગ નદીમાં સરોડાના બેનને બચાવવાનો ને બીજો પ્રસંગ ન બોલે તેને બોલાવવાનો એમના કુટુંબનો વિગેરે અંગે વાતો કરી કહ્યું–

"માતાજીના જીવનના ઘણા પ્રસંગો છે. એ બધા જો લખવા બેસીએ તો ખૂબ મોટું પુસ્તક થાય. પણ એમના વિવિધ વ્યક્તિત્વનાં પાંસામાં આપણે જોઇ શકીએ કે પોતાનું બગડતું હોય, નુકશાન થતું હોય તો તે વેઠીને પણ, બીજાનું ભલું કરવાની ભાવના એમનામાં હતી."

માતાજીની સ્મૃતિમાં પોતાની રીતે એક વિશ્રામભુવન હરદ્વાર, ઋષિકેશ કે ચાણોદ કરનાળી તરફ આધુનિક સગવડવાળું કરવું. એવી ભાવના પણ પૂ. શ્રીએ આજે વ્યક્ત કરી.

મારી ડાયરીની નોંધ બાકી હોઇ પૂ. શ્રીએ તેને પૂરી કરવાની સૂચના આપી, કહ્યું, "પ્રભુએ આરામનો સમય આપ્યો છે તો જલ્દી આરામ કરો."

માતાજીની વિદાય પછીના ૧૦–૧૨ દિવસો એકટંક ભોજન લઇને પસાર કરવા એવો વિચાર પૂ. શ્રી કરી રહ્યા છે. આજકાલમાં જગદંબાને પૂછશે પછી નિર્ણય કરશે.

છેલ્લે શ્રી નારાયણભાઇ સાથે થોડી જરૂરી વાતો કરી પૂ.



શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી નોંધ લખીને આરામ કરે છે.

પૂ. શ્રી આરામ કરે છે. નિદ્રા લે છે એ શબ્દપ્રયોગ પાછળ તો સાચે પૂ. શ્રી રાતદિવસ જપ કે પ્રાર્થના કે ધ્યાનમાં જ મગ્ન બનેલા જોવા મળે. જપ, ધ્યાન, પ્રાર્થનામાં જ એમને જરૂરી આરામ મળી જતો હશે. હરિ ૐ.

(ક્રમશઃ)

વિષયધ્યાન ને સેવને, વ્યાકુલતા દુઃખ થાય;
તેનું ધ્યાનસેવન ત્યજે, પરમાનંદ પમાય. **નાથભગવાન્**

**IS:10001**

ઓ.: ૨૫૬૬૮
ફે.: ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ.: ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
**"સત્યવાન" તથા "ચંદન"**
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# મને મગરમચ્છ બતાવ

પૂ. મોટા

શ્રી બાળયોગીએ એક વખત મને કહ્યું કે "મુઝે એક મગરમચ્છ દેખનેકુ લે ચલ." મેં પૂછ્યું : 'પ્રભુ! આપને લઈ તો જાઉં, પણ મગરમચ્છ કયે ઠેકાણે છે, ક્યાં છે, એ મને કહો તો આપને ત્યાં લઈ જાઉં....' પણ, એ સ્થળનું નામ બોલે તે બીજા. હું તો ઘણી વાર એમને પૂછ્યા કરું, પણ એ તો 'મગરમચ્છ, મગરમચ્છ.' એ સિવાય બીજી વાત જ ન કરે, એટલે મેં વિચાર્યું કે આપણે આણંદ સુધી એમને લઈ જવા ને આણંદથી વડોદરા, ખંભાત ને ડાકોર એ ત્રણ જુદી જુદી દિશામાં લાઈનો જાય છે, એટલે આણંદ જઈને પછી તેમને પૂછીશું. એટલે અમે ટિકિટ લઈને ગાડીમાં બેઠા ને આણંદ ઊતર્યા. પછી શ્રી બાળયોગી મહારાજને પગે લાગ્યો ને પૂછ્યું કે, 'અહીંથી ત્રણ જગ્યાએ જવાય છે.' એક તો વડોદરે જવાય છે, ત્યાં બાગમાં બહુ મોટા મોટા મગરમચ્છ છે. તો એમણે કહ્યું કે, "ઈસ લાઈન ઉપર જાનેકા નહિ હૈ." "અચ્છા, તો પછી ખંભાત એક લાઈન જાતી હૈ વહાં પર ભી સમુદ્ર હૈ. વહાં કભી મગરમચ્છ હો." પણ તે પોતે તો કાંઈ બોલે નહિ! મારે શી રીતે જવું? ક્યાંની ટિકિટ લેવી એ મહામોટી મૂંઝવણ! એ ન કોઈ જવાબ આપે અને 'મગરમચ્છ–મગરમચ્છ'–બસ એટલું જ બોલે. પછી તો મને થયું "ચાલોને ડાકોરમાં. ત્યાં ગોમતીજીમાં એવા મોટા મોટા કાચબાઓ છે તે મમરા નાખીને મહારાજને બતાવીશું"–એમ વિચારીને મેં તો લીધી ડાકોરની



બે ટિકિટો. ડાકોર ઊતર્યા. મારી પાસે ત્યારે પૈસા ના મળે કે જેથી મહારાજને ગોમતીજી સુધી ઘોડાગાડીમાં બેસાડીને લઈ જઈએ. એટલે અમે તો ચાલતા ચાલતા ગયા અને રસ્તામાંથી બે પૈસાના મમરા લીધા અને ગોમતીજી પાસે પહોંચી પાણીમાં મમરા નાખ્યા. ને એટલા બધા મોટા મોટા કાચબા આવ્યા! એટલે મેં તો મહારાજને કહ્યું કે, "મહારાજ! પ્રભુ! જુઓ આ મગરમચ્છ!" "અરે! સાલા! કૈસા ગદ્ધા જૈસા હૈ બેવકૂફ! તેરે મેં અક્કલ નહી!" એમ કહીને બે–ચાર ગાળો ચોપડી દીધી. "આ મગરમચ્છ ન હોય તો તો બાપજી કયા મગરમચ્છ ને કેવા મગરમચ્છ જેની તમે વાત કરો છો? મને કાંઈ સમજણ પડતી નથી, ને હું તો મૂંઝાઉં છું. તો મારે મગરમચ્છ બતાવવા તમને ક્યાં લઈ જવા?"

એટલામાં તો શ્રી બાળયોગી મહારાજ ચાલવા માંડયા. તે ગોમતીના કિનારા પાસે હાલ જ્યાં તુલા છે–ભગવાનને જ્યાં જોખેલા તે તુલા છે તેનાથી આગળ જતાં ડાબે હાથે એક જગ્યાએ જતાં એક ગાંડો, મેલાઘેલા જેવો દેખાતો એક માણસ પડી રહ્યો હતો; તેની પાસે જઈને મહારાજ તો બેઠા! ને પછી બેઉ જણ જે વાતો કરવા લાગ્યા ને ઉરાંગ–ઉટાંગ શું બોલે છે તે મને તો કશું સમજાયું નહિ! પેલો પૂછે : "તમે ક્યાં સૂઓ છો?" ને પેલો કહે, "હું આકાશમાં સૂઈ રહું છું." "તમે શું કરો છો?" એવી આડીઅવળી વાતો કરે જેને મોઢું–માથું–હેડ એન્ડ ટેઈલ–કાંઈ આપણને સમજાય નહિ. પછી તો બધી વાતો કરી રહ્યા પછી શ્રી બાળયોગી મહારાજે મારી ભલામણ કરી કે, "ભઈ! આ છોકરો છે તે કો'કવાર એને સાધના કરતાં કરતાં કંઈ મુશ્કેલી આવી પડે ને તમારી પાસે આવે ત્યારે એને સમજાય એવી ભાષામાં વાત કરજો."

પછી મેં ડાકોરમાં પણ તપાસ કરી. એ લોકો તેમને મસ્તરામ કહેતા, ને વળી વર્તણુંક ગાંડા જેવી. વાજાં વગડાવે ને કોઈ મળવા આવે ત્યારે કહે, 'એય! ચા લાવ, ભજિયાં લાવ.' એવો બધો ખેલ તેઓશ્રી કર્યા કરતા. બહુ ઓછા માણસો આધ્યાત્મિક કક્ષાએ, ઊંચા શિખર ઉપર ગયેલા હશે, એવું સમજતા હશે. મને પણ ત્યારે તો સમજણ નહોતી. પણ ત્રણ–ચાર વાર તેમની પાસે મારા પોતાના સાધનાના પ્રશ્નો લઈને જવાનું બનેલું ત્યારે એમણે મને તેના જે ઉત્તરો આપ્યા તે પરથી બધું સમજાયું ને ભાન આવ્યું કે "ઓહો! આ તો બહુ આગળ વધેલા એવા નિષ્ઠા પામેલા પુરુષ છે!" પછી એમની પાસે હું જતો ત્યારે તો હું બહુ ભક્તિપૂર્વક નમસ્કાર કરતો. મને કંઈક સ્થૂળ સેવા કરવાનું સૂચવે તો હું રાજી પણ થાઉં, તેમ મારી મરજી પણ મેં પ્રદર્શિત કરેલી. માત્ર એક જ વાર મને પાશેર ભજિયાં લઈ આવવાનું કહેલું. તે મેં આણી આપેલાં. ને પોતે ખાઈ ગયા. મને તે કહે કે, "તને એક પણ નહિ આપું." મેં કહ્યું, "પ્રભુ! જેવી આપની મરજી. મારી ઇચ્છા નથી કે પ્રભુ, આપ મને આપો." અને જ્યારે જ્યારે હું ગયો ત્યારે ત્યારે વાજાંવાળાને બોલાવીને વાજાં વગડાવતા. આવા એક મસ્તરામ તે જ મગરમચ્છ! પણ તેની મને શી ખબર કે આવો એક માણસ આધ્યાત્મિક કક્ષાએ ઉચ્ચમાં ઉચ્ચ શિખર જેણે સર કર્યું હોય તેને આ બાળયોગી મહારાજ [1]મગરમચ્છ કહેતા હશે? એની મને શી ખબર પડે?

---

૧. આ મસ્તરામનું નામ શ્રી નથ્થુરામજી હતું. ડાકોરમાં આજે પણ ગોમતી નદીને કિનારે શ્રી નથ્થુરામજીની સમાધિ છે, અને એમની છબી પણ ત્યાં છે.



# ભક્તિનો ઉપાય

**રામકૃષ્ણ પરમહંસ**

ઈશ્વરનાં નામ, ગુણગાન, કીર્તન હંમેશાં કરવાં જોઈએ અને સત્સંગ. ઈશ્વરના ભક્ત કે સાધુ, એવાની પાસે અવારનવાર જવું જોઈએ. સંસારમાં અને વહેવારની અંદર રાતદિવસ રહેવાથી ઈશ્વરમાં મન જાય નહિ. વચ્ચે વચ્ચે એકાંતમાં જઈને ઈશ્વરનું ચિંતન કરવાની બહુ જરૂર છે. શરૂઆતમાં અવારનવાર એકાંતમાં ન જઈએ તો ઈશ્વરમાં મન લગાડવું બહુ જ કઠણ.

રોપ નાનો હોય ત્યારે તેની ચારે બાજુએ વાડ કરી લેવી જોઈએ. વાડ ન કરીએ તો ગાય, બકરાં ખાઈ જાય. ધ્યાન કરવું મનમાં, ખૂણામાં કે વનમાં. હંમેશાં સત્–અસત્નો વિચાર કરવો. ઈશ્વર જ સત્ એટલે નિત્ય વસ્તુ, બીજું બધું અસત્ એટલે અનિત્ય; એવી રીતે વિચાર કરતાં કરતાં અનિત્ય વસ્તુનો મનમાંથી ત્યાગ કરવો.

બધાં કામ કરવાં પણ મન ઈશ્વરમાં રાખવું. સ્ત્રી, પુત્ર, મા–બાપ, બધાંની સાથે રહેવું અને તેમની સેવા કરવી. જાણે કે એ બધાં પોતાનાં ખૂબ અંગત માણસો છે. પણ મનમાં બરાબર સમજવું કે એમાંથી કોઈ આપણું નથી.

મોટા માણસના ઘરની કામવાળી શેઠનું બધું કામ કરે, પણ તેનું મન હોય ગામડામાં પોતાને ઘેર. વળી, તે શેઠનાં છોકરાંને પોતાનાં છોકરાંની માફક મોટાં કરે, 'મારો રામ', 'મારો હરિ'

એમ કહીને બોલાવે, પણ મનમાં સારી રીતે સમજે કે એમાંથી મારું કોઈ નથી. કાચબી પાણીમાં તર્યા કરતી હોય, પણ તેનું મન ક્યાં હોય તે ખબર છે? કાંઠા પર, જ્યાં તેનાં ઈંડા પડ્યાં હોય ત્યાં.

બધું કામ કરવું, પણ મન ઈશ્વરમાં પરોવી રાખવું. ઈશ્વર ભક્તિ પ્રાપ્ત કર્યા વિના જો સંસાર ચલાવો તો ઉલટા વધુ સપડાઓ. સંકટ, શોક, તાપ અને બધાંથી હેરાન હેરાન થઈ જાઓ, અને સંસારના વિષયોનું ચિંતન જેમ જેમ વધુ કરો તેમ તેમ આસક્તિ વધે.

હાથે તેલ લગાડીને પછી ફણસ ચીરવું જોઈએ, નહિતર તેનું દૂધ હાથે ચોંટી જાય, ઈશ્વર ભક્તિરૂપી તેલ ચોપડીને પછી સંસારનાં કામમાં હાથ લગાડવો જોઈએ.

પણ આ ભક્તિ પ્રાપ્ત કરવી હોય તો એકાંત હોવું જોઈએ. માખણ કાઢવું હોય તો એકાંતસ્થાનમાં દહીં જમાવવું જોઈએ. દહીંને હલાવ હલાવ કર્યે દહીં જામે નહિ. ત્યાર પછી એકાંતમાં બેસી, બધાં કામ છોડી, દહીંને વલોવવું જોઈએ, તોજ માખણ નીકળે.

વળી જુઓ, એજ મન દ્વારા એકાંતમાં ઈશ્વરચિંતન કરવાથી જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ મળે, પણ સંસારમાં તેને પડ્યું રાખવાથી તે નીચે ઊતરી જાય. સંસારમાં કેવળ કામિની–કાંચનના જ વિચાર આવે.

સંસાર જાણે કે પાણી અને મન જાણે કે દૂધ. દૂધને જો પાણીમાં નાખો તો દૂધ પાણી મળીને એક થઈ જાય, ચોખ્ખું દૂધ મળે નહિ. પણ દૂધનું દહીં જમાવી, તેમાંથી માખણ કાઢીને



જો પાણીમાં રાખીએ તો તે તરે. એટલા માટે એકાંતમાં સાધના કરીને પ્રથમ જ્ઞાન–ભક્તિરૂપી માખણ કાઢી લો. એ માખણ સંસારજળમાં રાખી મૂકો તો તેમાં ભળી ન જાય, તર્યા કરે.

સાથે સાથે વિચાર કરવાની બહુ જરૂર છે. કામ–કાંચન અનિત્ય, ઈશ્વર જ એકમાત્ર નિત્ય વસ્તુ. રૂપિયાથી શું મળે? રોટલાદાળ, કપડાં, રહેવાની જગ્યા, એટલું જ. એથી ભગવાન ન મળે. એટલે રૂપિયા જીવનનું ધ્યેય થઈ શકે નહિ.

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.

# મૃત્યુ પહેલાં અને પછી શું કરી શકાય?

રતિલાલ ભાવસાર

(૨)

હવે, સાર-સંભાળ રાખતાં ઘરનાં સ્વજનોએ અને અન્ય સગાં-સંબંધીઓએ શું કરવું ઘટે તે જોઇએ—

* ખબર-અંતર પૂછવા આવનાર સગાં-સ્નેહીઓએ, તે પથારીવશ વ્યક્તિ આગળ એવાતેવા રોગની ગંભીરતાની ચર્ચા ન કરવી. એની આગળ જરૂરથી વધારે વખત બેસવું નહિ. તે વ્યક્તિ તથા સેવા-ચાકરી કરતાં ઘરનાં માણસોને હૈયાધારણ મળે એવું શીતળ સાન્તવન આપી રજા લેવી.

* આવે વખતે, સગાં-સંબંધીઓએ ખાલી મોં-દેખાડો કરવા કરતાં, કોઇ ને કોઇ રીતે ઉપયોગી થવાની તત્પરતા રાખવી ઘટે. પોતાને લાયક કામકાજ માટે આગ્રહપૂર્વક સામેથી પૂછવું જોઇએ. આમ જુઓ તો, મંદવાડના સંજોગોમાં અણધાર્યો ઘણો ખર્ચ થતો હોય છે. મધ્યમવર્ગી ઘરના આર્થિક સંજોગો વરતી જઇને, જરૂર હોય તો, લાગણીભાવથી બનતો આર્થિક ટેકો કરવો. બીજાંઓને ખાતર સમભાવપૂર્વક ઘસાવું એ તો એક પવિત્ર યજ્ઞ-કાર્ય ગણાય.

* મરણ ઉપર ડગલાં ભરતાં ભરતાં દહાડા કાઢતી એ વ્યક્તિ આગળ ઘરનાં માણસોએ પોતાનાં દુઃખ રડવાં નહિ—તેમ જ એની હયાતી બાદ, ઘર-સંસારમાં ઊભી થનારી બીજી-ત્રીજી વિટંબણાઓની એને યાદ આપવી નહિ. પરંતુ,



એના જીવને ટાઢક વળે અને હળવાશ અનુભવે એવી જ વાત એની આગળ કરવી.

* કદાચિત, તે વ્યક્તિના મનને ઊંડે ખૂણે કોઇ ગંભીર ચિંતા હોય કે એની કોઇ અધૂરી એવી મહત્ત્વાકાંક્ષા હોય—તો તે બાબતમાં ધરપત આપી તેના મનને નિરાંત અને નિશ્ચન્તિ કરાવવી. આ ઉપરાંત, કોઇને મળવા-કરવાની ઝંખના હોય, કોઈને કંઇક આપવા-મૂકવાનું સાંભર્યું હોય, કંઇક પુણ્ય-દાન કરવાની ભાવના હોય, કંઇક ખાવા-પીવાની ઇચ્છા જાગી હોય—તો વિના વિલંબે તેની વ્યવસ્થા કરવી.

* માંદગીમાં સારવાર-માવજત કરવાની પણ એક અનોખી 'કળા' છે. પથારીવાળા ઓરડામાં સગવડ અર્થેનાં બધાં સાધનો સ્વચ્છ અને વ્યવસ્થિત રાખવાં. હવા-ઊજાસ જાળવવાં, ધાર્મિક ફોટા, ફૂલદાની, અગરબત્તી વગેરેથી વાતાવરણ બિલકુલ ગંભીરતા વગરનું-હળવું પ્રફુલ્લિત રાખવું. અમુક અમુક ચીજ-વસ્તુઓથી પ્રગટતા વાતાવરણની પણ પ્રભાવશાળી અસરો હોય છે—એ વૈજ્ઞાનિક તથ્ય ભૂલવા જેવું નથી.

* મરણપથારીની અવસ્થામાં, વ્યક્તિ આત્મસ્થ બને, આખો વખત ભગવાનનું સ્મરણ રહ્યા કરે—અને ઓથ આપતી સન્મુખતા અનુભવાય એ હેતુસર, તેની નજર સામે ઇષ્ટદેવની કે સદ્ગુરુની સુંદર એવી મોટી છબી ગોઠવવી, બને તો, ઘરની કોઇ સેવા-ઉમંગી વ્યક્તિએ અનુકૂળ વખતે ભજન, પ્રાર્થના, શાન્તિપાઠ ઇત્યાદિ સંભળાવવાં. સમજવાની સરળતા ખાતર શ્રીમદ્ ભગવદ્ગીતાના સમશ્લોકી અનુવાદનો પાઠ કરવો. શક્ય હોય તો, ટેપ-રેકોર્ડર પર ભજન-સ્તોત્રની ભાવવાહી કેસેટ

પણ મૂકી શકાય.

તત્કાલીન સ્થિતિ-સંજોગ અને વ્યક્તિગત વિકાસ પ્રમાણે, જેને જે આધાર ઠીક લાગે-અને અનુકૂળ આવે તે તેને માટે ઉત્તમ! અહીં, એક વાત ચોક્કસ : પુણ્યપ્રતાપે, જેને સારી રીતે જીવતાં આવડ્યું હોય—તેને સારી રીતે મરતાં પણ આવડવાનું જ! જેમ સુંદર પરમાર્થી જીવન જીવવાની કલા અને કુશળતા છે (Art of good Living) એવી રીતે મરણનો ઉત્તમ પ્રકાર પામવાની પણ કલા અને કુશળતા છે. જીવનની શુદ્ધભક્તિથી એ સાધી શકાય.

મનુષ્યની ખરી મહત્તા એ છે કે, એ પોતે જ પોતાનો 'ઉદ્ધારક' બની શકે છે, જીવમાંથી ક્રમે ક્રમે ઉન્નત થઈને શિવ થઈ શકે એટલું અગાધ આત્મઐશ્વર્ય ભગવાને એનામાં મૂકેલું છે—જો એ શક્તિસામર્થ્યને યથાયોગ્ય રીતે ઓળખતાં અને જીવનમાં ઉતારતાં આવડ્યું હોય-અને એવો અભ્યાસ પાડેલો હોય તો!

* અંતકાળના આ દિવસોમાં સેવા અને સદ્‌ભાવનું એવું સુખદ વાતાવરણ સર્જાવું જોઈએ કે સેવા-ચાકરી પામનાર એ સ્વજન પોતાની જાતને ભાગ્યશાળી માને! સૌના સંનિષ્ઠ લાગણીભાવ બદલ, બોલે બોલે સૌને અંતરની આશિષથી નવાજે-અને 'ઋણાનુબંધ'ની રીતે બધાંની સાથે વિતાવેલા પોતાના જીવનકાળની સાર્થકતા અનુભવે! સૌથી વિશેષ તો, પ્રભુ પરત્વેનું કર્તવ્યકર્મ બન્યું એટલું રૂડી રીતે બજાવ્યું છે એવું એને આત્મસમાધાન હોય!

અને, અંતે-આખરે 'ભગવાનના ઘરનું તેડું' આવતાં સંતોષ અને શાન્તિથી સૌની વચ્ચેથી વિદાય લે! કહે છે ને કે : જેનો અંત રૂડો એનું બધું જ રૂડું! સમજીએ તો, વૃદ્ધાવસ્થામાં મરણનો આવો પ્રકાર તો એક માંગલિક પ્રસંગ જેવો ગણાય! જરા, જીર્ણ અવસ્થા અને ઘર કરી ગયેલા વ્યાધિની પારાવાર પીડામાંથી મુક્તિ અપાવતું એક 'પર્વ' ગણાય!



અહીં, પુનર્જન્મનો સિદ્ધાન્ત સમજાવે છે કે :-

મૃત્યુટાણે-અંતિમ સ્થિતિની પળે (દેહમાંથી 'સૂક્ષ્મ શરીર' અલગ થવાની તૈયારીમાં હોય તે અણી-પળે) ઉત્કટ પ્રબળતા-પૂર્વકનું જે 'સ્મરણ' જાગે અથવા જે 'સંસ્કાર' જાગે-અને ચિત્તમાં ઊંડે ઠસી જાય—તે મરણ પછીની ગતિનો અને બીજા જન્મનો નિર્ણય કરી આપે છે, આવા નિર્ણાયક સ્મરણ કે સંસ્કારની આંતરિક રચનામાં, જિંદગીભર જે વિચાર, વાણી અને વર્તન પોષાયાં હોય, શુભ-અશુભ જે કંઈ કર્યું-કારવ્યું હોય તેની કુલ કમાણીની સમગ્રતાનો 'સારાંશ' સમાયેલો હોય!

અનાદિકાળથી, અખંડ એવા જીવનપટની સમગ્રતા અને સળંગતા જાળવવાની વ્યવસ્થામાં-અને એના ઊર્ધ્વ વિકાસમાં ઈશ્વરની આ અકળ યોજના આગળ માનવીના જ્ઞાન-વિજ્ઞાનનું મસ્તક ઝૂકે છે! હરિ: ૐ

(૩)

હવે, 'સમાપ્તિ' વેળાએ અને 'સમાપ્તિ' પછીના અરસામાં શું કરી શકાય તે જોઈએ.

* અંતકાળનાં એંધાણ જાણકારો વરતી શકે છે. એનાં અમુક અમુક લક્ષણો જણાઈ આવે છે. મરનાર વ્યક્તિને પણ અંદરથી એનો 'અણસાર' આવી જાય ખરો.

આ વખતે, વ્યક્તિ હોસ્પિટલની સારવાર હેઠળ હોય–અને વધારે લાગતાં પોતાને ઘેર લઇ જવાની ઇચ્છા દર્શાવે તો, ડોક્ટરની સંમતિ મળતાં તેને વેળાસર ઘેર લઇ જવાની તજવીજ કરવી.

* છેલ્લી ઘડીઓ ગણાતી હોય ત્યારે, પરમ શાન્તિની ગોદમાં પોઢી જતા એ સ્વજનને કશી ખલેલ ન કરવી. સગાંવહાલાંઓએ પથારીની આસપાસ વીંટળાઇ વળીને ગભરાટ ફેલાવવો નહિ. એવો ગભરાટ તો મૃત્યુદેવતાના આગમનની શાન્ત ગંભીર પળોને ભયગ્રસ્ત બનાવે છે, આવી વેળાએ ઘીનો દીવો અને અગરબત્તી પ્રગટાવી ખૂબ જ શાન્તિસમતાથી પ્રભુનું નામ લેવું. ધીમે સ્વરે હરિઃ ૐ હરિઃ ૐ મંત્રનું ઉચ્ચારણ કરવું. એનાં આંદોલનોનું પ્રભાવબળ અદ્ભુત છે!

* બની શકે તો, બે–ત્રણ ચમચા ગંગાજળમાં તુલસીપત્ર ઘૂંટીને આપવું–અથવા મુખમાં રેડવું.

* આંખ મીંચાયા પછી પણ, ઓછામાં ઓછી પંદર–વીસ મિનિટ સુધી, બીજાંઓને ખબર આપવાની ધમાલ કરી સ્થળના વાતાવરણમાં ગભરાટ ફેલાવવો નહિ, હૈયું હાથ ના રહે એવી 'ચિરવિદાય'ની આ વસમી વેળા છે! પણ છતાં, ગીતાનો બોધ હૈયે ધરી, આ વાતની લાગણીઓના ધસારાને–જોશને પ્રભુના નામસ્મરણમાં વાળવો.

રડવાનો હલ્લો ન કરવો, કલ્પાંત અને રડારોળ કરવાથી મરનારના આત્માને (આ વેળાએ અને ત્યાર પછી પણ) દુઃખ થાય છે. તેનું સંસાર તરફનું ખેંચાણ વધે છે–અને તે ગૂંચવાય છે. આ હકીકત ખાસ લક્ષમાં લેવા જેવી છે.



મર્મી અને અનુભવી એવા આત્મજ્ઞાનીઓનું કહેવું છે કે, દેહ મૂક્યા પછી, જીવાત્મા તેના દેહની તેમ જ સ્વજનો પરત્વેની ગાઢ આસક્તિને કારણે અમુક વખત ઘરના વાતાવરણમાં રહેતો હોય છે. આવી વેળાએ ભજન–ધૂન બોલાવવી શ્રેયકારક! શ્રીમન્ નારાયણ નારાયણ નારાયણ!

* અંતિમ યાત્રામાં, મૃતદેહને સ્મશાનભૂમિમાં લઇ જવા માટે જે કચકચાવીને ઠાઠડી બાંધવામાં આવે છે—તેના કરતાં 'મૈયતની ખાટલી' જેવી કે પાલખી જેવી કોઇ શબવાહિનીની સુવિધા મળી શકે તો વધારે સારું.

* મરનારના આત્માની શાંતિ અને સદ્ગતિ અર્થે તેમ જ કુટુંબીજનો આગળ દિલસોજીની લાગણી વ્યક્ત કરવા માટે હાલમાં 'બેસણા'ની જે પ્રથા પ્રચલિત થઇ છે તે ઉત્તમ છે. દેશ અને દુનિયાના બધા જ ધર્મોએ આ પ્રથાને શ્રેયકારક ગણાવી છે.

બેસણાને દિવસે, સ્વર્ગસ્થની સુજનતા અને ભલાઇનાં યાદગાર સંભારણાંની વાતો કરવી, ધૂપસળીનું સ્મારક છે એની સુ–વાસ! તેના કોઇ અધૂરા સત્કાર્યને પૂરું કરવાનો કે આગળ ધપાવવાનો સંકલ્પ કરવો. ઉપરાંત, તેણે વ્યક્ત કરેલી રૂડી એવી કોઇ અંતિમ ઇચ્છાને મૂર્ત સ્વરૂપ આપવાનો નિશ્ચય કરવો એ જ તેના પ્રત્યેનો સાચો સદ્ભાવ કહેવાય–અને એ જ એનું ખરું 'તર્પણ' કર્યું ગણાય.

* ઘરનું વાતાવરણ શુદ્ધ–સ્વચ્છ રાખીને, સળંગ તેર દિવસ સુધી, રોજ સવાર–સાંજ સૌ સાથે મળીને કે વ્યક્તિગત રીતે સર્વશક્તિમાન પ્રભુને પ્રાર્થના કરવી. પૂજ્ય શ્રીમોટા રચિત

આ પ્રાર્થના વધુ પ્રાસંગિક અને પ્રભાવક છે:-

હે પ્રભુ!

ગયેલા આત્માને મન-હૃદયથી આપજે શાન્તિ પૂરી!
બધી રીતે એનું, પ્રભુ કરવજે સર્વ કલ્યાણ શ્રીજી!
બધા જીવો સાથે ગતજીવનમાં, જે થયેલો સંબંધ—
કરાવી દ્યો એને, સહુ તરફથી સાવ નિશ્ચિન્ત મુક્ત!

* આ ઉપરાંત, આપણા કોઈ સદ્‌ગુરુ હોય કે જેમને અધ્યાત્મ ઉપરાંત ગૂઢવિદ્યા (Ocultism)નું સારું જ્ઞાન હોય તેમને જણાવવું–અને મરનારના આત્માને શાન્તિ અને રક્ષણ મળે એવી અરજ કરવી.

અહીં, આત્મવિજ્ઞાનની ખાસ જાણવા જેવી હકીકત એ છે કે, મરનારે માત્ર બહારના આવરણ જેવા સ્થૂલ શરીર (Physical Body) સિવાય બીજું કશું જ ગુમાવ્યું નથી. સ્થૂલ શરીરમાં ચેતન-પ્રાણ પ્રગટાવતી મૂળભૂત આંતરિકતા ('સૂક્ષ્મ શરીર'-મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ ઇત્યાદિ) તો આત્મા સાથે અકબંધ જોડાયેલી હોય છે.

આ પ્રકારની સ્થિતિ પામેલો 'જીવાત્મા' જ્યાં હોય ત્યાં, એને શાન્તિ મળે, એની અંગત વાસના-તૃષ્ણાની ભૂમિકા પ્રમાણે, પરલોકમાં બદલાતી અવસ્થાઓની મુશ્કેલીઓ સામે એને રક્ષણ મળે—અને એક એકથી સૂક્ષ્મ થતી જતી અવસ્થાઓના અનુક્રમમાં, પ્રયાણમાર્ગે આગળ વધવાની એની ગતિ સરળ અને ઝડપી બને—એ માટેનો એક સર્વોત્તમ ઉપાય સ્વજનોના હાથમાં રહેલો છે-અને તે છે પ્રભુની પ્રાર્થના! આર્ત અને આર્દ્રભાવે અંતરના ઊંડાણમાંથી પ્રગટેલી પ્રાર્થના જેવો પવિત્ર, પ્રાણવંત અને શક્તિ-સામર્થ્ય ધરાવતો કોઈ બીજો



ઉપાય નથી. દુનિયાના તમામ ધર્મોએ આ પરમ સત્યનો જયજયકાર કર્યો છે.

આપણી અચળ શ્રદ્ધા અને આસ્થા છે કે મરણોત્તર વિધિઓમાં અસ્થિવિસર્જન, પિંડદાન, જળતર્પણ અને શ્રાદ્ધક્રિયા પ્રસંગે વિદ્વાન પંડિતો મારફત ભણવામાં આવતા વેદોક્ત મંત્રોચ્ચારનાં સૂક્ષ્મ ગતિશીલ આંદોલનોની ભાવચેતન-શક્તિ, સ્વજનના પરલોકવાસી જીવાત્માને સ્પર્શે છે, એને શાન્તિ આપે છે, એને સંતુષ્ટ કરે છે-અને પ્રયાણમાર્ગે આગળ વધવામાં એને સહાયતા કરે છે.

હવે, આજે અત્યારે બદલાયેલા સમય-સંજોગની રીતે જોઈએ તો, વિધિક્રિયોઓ વખતે, ઘરનો સુજ્ઞ કર્તવ્યનિષ્ઠ માણસ, હૃદયના ઊંડા ઊંડા ભાવથી આર્દ્રતાપૂર્વક પ્રભુને જે પ્રાર્થના કરે-જે અરજ ગુજારે એ મંત્રની ગરજ સારે, એમ શ્રદ્ધાપૂર્વક કહી શકાય, અંતરાત્મામાંથી પ્રગટેલો ઉદ્‌ગાર આત્માને સ્પર્શ કર્યા વગર રહે નહિ. ચેતનનો આ ગુણધર્મ છે.

છેલ્લે છેલ્લે, ટૂંકાણમાં એમ કહી શકાય કે મરનાર પ્રત્યેના સદ્‌વિચારો, સદ્‌ભાવનાઓ, એના શ્રેય-કલ્યાણ અર્થેની પ્રભુપ્રાર્થના, નામસ્મરણ, સામૂહિક ભજન-કીર્તન, કોઈ ધાર્મિક અનુષ્ઠાન, જનસેવાની કોઈ પ્રવૃત્તિમાં તેની સ્મૃતિ પ્રગટાવતું પુણ્યદાન, ગરીબ-ગુરબાંને ભાખરીદાન, તેણે આરંભેલું કે ચીંધેલું કોઈ સત્યકાર્ય ચાલુ રાખવાનો સંકલ્પ—આવું બધું જો તુરત અને તાજેતરમાં થાય તો મરનારના આત્માને શાન્તિદાયક અને સહાયકારક થઈ પડે એવી શ્રદ્ધા અને આસ્થા રાખી શકાય, ૐ શાન્તિ: શાન્તિ: શાન્તિ:

# ગીતાધર્મ

લાભુભાઈ દવે (વાલકેશ્વર)

(ગતાંકથી આગળ)

ઈશ્વરને શા માટે ભજવા જોઈએ?

સવાલ ઉત્તમ પણ છે અને નકામો પણ છે. અજ્ઞાની નાસ્તિકો માટે ખુશીનો પ્રશ્ન છે. જ્યારે જ્ઞાની, આસ્તિક, પ્રભુ ભક્તો માટે શું સમયનો બગાડ છે? છતાં જવાબ જોઈએ, આપણે શાળા, તથા કોલેજમાં શા માટે ભણીએ છીએ? જવાબ છે, ભણવાથી સુખી થવાય. આ જીવનમાં સુખી થવા માટે ભણવું જરુરી છે. પરંતુ શું જે ભણ્યા નથી તે સુખી થતા નથી? જવાબ છે. તેઓ પણ સુખી છે, પરંતુ ભણતરથી એ સુખ કરતાં પણ વધુ સુખી થવાય.

હવે ઉપરોક્ત પ્રશ્નનો જવાબ છે, ભણતરથી સુખી થવાય તે કરતાં પણ જો વધારે સુખી થવું હોય તો ઈશ્વરને ભજવા જોઈએ, કારણ ભક્તિ એ તો ઉત્તમ ભણતર છે. ભક્તિ જીવનનું કર્તવ્ય છે. આપણે મનુષ્ય તરીકે શા માટે જન્મ્યા છીએ? ખાવા, પીવા, ફરવા, કમાવા, રખડવા? એ તો બીજાં પ્રાણીઓ પણ કરે છે. તો બીજાં પ્રાણીઓ તથા આપણામાં શો ફરક? જવાબ છે, આપણી માન્યતા મુજબ પ્રાણીઓ પ્રભુને ભજતાં નથી, આપણે 'મનુષ્ય' છીએ તેથી પ્રભુને ભજવા જોઈએ. આ જન્મમાં તેમનાં દર્શન પામવાં જોઈએ. પછી કોણ જાણે પાછો મનુષ્યનો અવતાર મળે કે ન મળે. આજે તક હાથમાં આવી



છે તો શા માટે જવા દેવી? ઉત્તમ ક્ષણો વારંવાર હાથમાં નથી આવતી. જેટલી વાર આપણે આંખો બંધ કરીએ અને પ્રભુની આપણી કલ્પેલી મૂર્તિ, આકૃતિનાં દર્શન થાય તેટલી ક્ષણો આ જિંદગીની ઉત્તમ ક્ષણો. ઉઘાડી આંખે પણ આ અનુભવ થાય તો તે પણ ઉત્તમ ક્ષણો. સ્વપ્નમાં પણ આ અનુભવ થાય તો એ પણ ઉત્તમ ક્ષણો.

જીવન ઈશ્વરને ભજવા માટે જ છે.

ગીતાજીમાં ભગવાન સ્પષ્ટ કહે છે કે, "તું મારે શરણે આવ, મારું ભજન કર."

આવું ભગવાન શા માટે કહે છે?

આપણા કલ્યાણ માટે.

આપણે જ્યારે પ્રભુ ભક્તિ, ભજન, કીર્તન, ધ્યાન, જાપ, પૂજા વગેરેમાં વ્યસ્ત હોઈએ છીએ ત્યારે આપણા દ્વારા ગીતાજીના આદેશોનું પ્રાલન થાય છે. આપણે પ્રભુ ભક્તિમાં વ્યસ્ત અથવા એકાગ્ર હોવાથી, આપણે દુન્વયી બીજાં કર્મ કરતા નથી, પરંતુ જિંદગીનું ઉત્તમ કાર્ય કરતા હોવાથી, પ્રભુને પામવાની ઈચ્છા હોવાથી, ભક્તિનું આપણું કામ "નિષ્કામ"પણે થાય છે. પ્રભુ તે મંજુર રાખે છે, આ સમયે આપણે નવાં દુન્વયી કર્મ કરતા નથી, તેથી આપણાં પાછલાં કર્મોમાં નવાં કર્મ ઉમેરાતાં નથી, એટલે આપણે ભોગવવાનાં કર્મોનો ઢગલો ઓછો થાય છે, ઉપરાંત પાછલાં કર્મોનું ફળ આપણે ભોગવતા હોવાથી તેમાં ઓટ આવતી જાય છે, તે ઓછાં થતાં જાય છે, આપણને બંને બાજુથી ફાયદો થાય છે નવાં કર્મ જમા થતાં નથી અને જૂનાં કર્મ નષ્ટ થતાં જાય છે, આ સાથે સાથે ગીતાજીમાં પ્રભુ કહે છે. "મારે શરણે આવ, હું તારો ઉદ્ધાર કરીશ. આ મારું તને વચન છે, કારણ તું મને પ્રિય છે." હવે

સામાન્ય માનવી વચન આપે તો પાળવા મરી ફીટે છે, તો પ્રભુ પોતે વચન આપે અને ન પાળે? એવું બને ખરું?

ઉપરાંત બીજી રીતે પણ મુક્તિ. આપણાં પાછલાં કર્મમાં ઓટ અને નવાં કર્મ બંધ.

ભવસાગર તરી જવાનો આના કરતાં બીજો ઉત્તમ રસ્તો કયો હોઈ શકે?

પરંતુ ભક્તિ કરવા માટે આપણી થોડીક તૈયારી જોઈએ. આપણી તૈયારી ન હોય તો ભક્તિ ન થાય, આપણે જે કરવું હોય, જે થવું હોય તેવા થવામાં ઈશ્વર મદદ કરે છે, પરંતુ તૈયારી તો આપણે જ કરવાની. અમદાવાદ જવાની ગાડીમાં જવા તૈયાર થયા તો ભગવાનની ગાડી આપણને અમદાવાદ લઈ જવાની, અને જો પૂના જવા તૈયાર થયા તો પૂના લઈ જવાની. ક્યાં જવું છે તે આપણે નક્કી કરવાનું. તરી જવું છે કે ડુબી જવું છે તે આપણે નક્કી કરવાનું. ભગવાન તો આપણને મદદ કરવા તૈયાર છેજ. પિતા કહે છે, "બેટા ડોક્ટરી લાઈનમાં જવું છે? જરુર જા હું પૈસા ખર્ચવા તૈયાર છું. નથી ભણવું? તારી મરજી. આપણા ઘરમાં ધનની કોઈ ખોટ નથી. તને દાળ, રોટલો તો હું આપીશ."

હવે દાળ, રોટલો તો મળવાનો જ છે તો ડોક્ટર બનવા શા માટે પ્રયત્ન ન કરવા?

હવે ભક્ત (ડોક્ટર) બનવા સાત્ત્વિક ખોરાક ખાવો, માંસ, મદિરા, વ્યસન ત્યજવાં, નિયમિત સમયે પ્રભુના નામની અમુક માળાઓ અને સતત રામનામના જાપ કરવા. પ્રભુ આપણી સાથે છે. એ વિશ્વાસ રાખવો, પરંતુ આપણા કર્તવ્યમાં પ્રમાદ ન કરવો.

(ક્રમશઃ)



# ભાવ વિના બધું નકામું

**શ્રેયાર્થી**

પૂજામાં જો ભાવ ન પ્રકટે તો તે પૂજા નહિ, પણ કેવળ ક્રિયા બની રહે છે. આપણી મોટા ભાગની પૂજાઓ કેવળ ક્રિયોઓ, સારી ક્રિયાઓ બની રહેતી હોય છે, કારણ તે કરતાં કોઈપણ પ્રકારના ભાવની નિષ્પત્તિ થતી દેખાતી નથી. એટલે જેની પૂજા કરવામાં આવે છે, તે પણ ભાવ–પ્રેમના આધીન છે તેથી તે ઇષ્ટિદેવ હાલતા કે પ્રકટ થતા નથી.

ભાવનું પ્રકટીકરણ તો થાય છે કે જેની પૂજા કરવામાં આવી રહી છે, તે પ્રત્યક્ષ છે એવો સાધકનો વિશ્વાસ હોય, શ્રાદ્ધા હોય. અને આ બંને–શ્રાદ્ધા ને વિશ્વાસ ઇષ્ટદેવમાં સજીવારોપણ વિના પેદા થતા નથી. પત્થર કે ધાતુની પ્રતિમામાં સજીવારોપણની ચેતનતાની શ્રાદ્ધા હોય તો તેમાંથી પ્રભુને પ્રકટવું પડે છે. ભક્ત મીરાંબાઈ, કે નરસિંહ મહેતા, સંત વિઠોબા કે જ્ઞાનેશ્વર, આજના યુગના રામકૃષ્ણ પરમહંસ કે ચૈતન્ય મહાપ્રભુ–વગેરેનું જીવન આવાં ઉદાહરણોથી ભરપૂર છે. આપણા ગુરુદેવ મહાત્મા શ્રી યોગેશ્વરજી ને પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ પ્રતિમાઓમાંથી પ્રભુને પ્રકટાવેલા છે. એની વાતો આપણે તેઓના સ્વમુખે સાંભળી છે અને હજી સાંભળીએ છીએ એટલે જ આપણી શ્રાદ્ધા અચળ બનવી જોઈએ.

# પરમસમીપે (૮)

ગોરધનભાઈ કલોલા

આપણી આ સત્સંગયાત્રા હવે પૂર્ણતાને આરે પહોંચી છે. પરંતુ સત્સંગયાત્રા પૂર્ણ કરવી એ ઈચ્છનીય છે? પ્રભુના મંગલ નામસ્મરણથી પળેપળે ગુંજતી આ સત્સંગયાત્રા જીવનભર ચાલતી રહે તો જીવનસંધ્યાએ પહોંચતાં પહોંચતાં તો એ ધન્યક્ષણે પ્રભુકૃપાનું પ્રભાત દૈવીસુખના વિવિધ મનોહર રંગોથી દીપી જ ઉઠે ને! તો આપણે આ શુભ ઘડીથી સત્સંગયાત્રા ચાલુ રાખવાનો સંકલ્પ કરીએ! પ્રભુના પ્રતિનિધિ સમા જે સંતપુરુષો આપણા સદ્‌નસીબે આપણને પ્રાપ્ત થયા હોય તેની છત્રછાયામાં નામસ્મરણનો મંગલ મહોત્સવ કરી લઈએ. આજે પણ આપણી વચ્ચે છેકજ સાધારણ લીલાતનું ધારણ કરીને એક વિરલ, વિરાટ વ્યક્તિત્વ વિહરી રહ્યું છે. માતૃપ્રેમની પ્રેમળ જ્યોતિ પ્રકટી ગઈ છે. એ તેજથી આપણા જીવનપંથને ઉજાળી લઈએ તો કેમ? જાહ્નવી જ વહી રહી છે પ્રેમની, એક નાનકડું બાળઝરણું બની તેમાં સમાઈ જઈ રચી દઈએ સુરતાનો રસ સંગમ તો કેમ? બસ પછી તો....

સ્નાન કરે નિશદિન ગંગામાં,<br>
તે બીજે સ્નાન કરે ન કરે;<br>
મળ્યા દેવોના દેવ પરમ જેને,<br>
તે દેવને અન્ય મળે ન મળે.

અત્યારે આપણે મહાબળેશ્વરથી પૂના જઈ રહ્યા છીએ.



સાધના અહીં ક્ષણે ક્ષણે ચાલી રહી છે. પછી તેનાં સ્વરૂપ ભલે જુદાં જુદાં હોય! અહીં શીતળ છાંયા છે એ શાંતિ સનાતન અને પ્રેમપુરાતન કૃપાવૃક્ષની. તે છત્રછાયામાં દર્શન પણ સાધના, શ્રાવણ પણ સાધના. સ્વાધ્યાય કે વાર્તાલાપ પણ સાધનાનું સ્વરૂપ છે. કંચન, કંચનના પ્રેમ ટહુકાર હોય કે મંગલદાસની ચશ્માની તુટેલી દાંડીમાંથી પ્રકટતું હાસ્ય ઝરણું હોય, સર્વ કંઈ સાધનાના સંગીતથી ગુંજે છે. અહીં માટલા કુલ્ફીમાંથી પ્રેમરસ ઝરે છે તો પ્રસાદના રસાસ્વાદમાં પણ એજ મધુતા ભરેલી છે. અહીં પગલે પગલે પ્રકટ તીર્થ છે, તો એ પુનિત પગલે ચૈતન્ય પ્રકટે છે તીર્થભૂમિમાં. વાત્સલ્યમયી માતા અને તેના વ્હાલા બાળકોની આંખોમાં એજ સાધનાનું નૂર ઝળકે છે. તત્ત્વદર્શન અહીં અણુએ અણુમાં પ્રેમસ્વરૂપે પ્રકટ્યું છે. અહીં તો એક જ ઝંખના જાગી ઉઠે છે. સાધનાના સાર સમા એ લીલાદર્શનની.

ધન વૃન્દાવન ધન એ લીલા, ધન એ વ્રજના વાસી રે,<br>
નિત સેવા, નિત કીર્તન ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે.

પરમ સાન્નિધ્યની એ દિવ્યલીલામાં બસ ગોપી બની ખોવાઈ જઈએ. બાલગોપાલ બની માતૃઅંકમાં બેસીને પ્રેમામૃતનું પયપાન કરી લઈએ.

મહાબળેશ્વરથી પૂના સુધીની યાત્રામાં પણ એ જ લીલાદર્શનની રંગમસ્તી છે. સાંજે ૭ વાગ્યે પૂના શ્રી પ્રવીણાબેન અરવિંદભાઈને ત્યાં સૌ પહોંચે છે. પૂ. માએ આજે પ્રવીણાબેનને મળવાનું વચન આપ્યું હતું. પ્રવીણાબેનનો આજે જન્મદિવસ તેથી તેમની એવી ઈચ્છા કે પૂ. માના શુભાશિષ આજે પ્રાપ્ત થાય. પ્રવીણાબેન તથા અરવિંદભાઈ સહિત સૌ

પૂ. માનું હાર્દિક સ્વાગત કરે છે અને એ શ્રી ચરણોમાં વંદન કરી તેમના પિતા શ્રી કાંતિભાઈએ આપેલા સંતશ્રાદ્ધાના દિવ્ય વારસાને દીપાવે છે. પૂ. મા આજે કાંતિભાઈની ગુરુદેવ પ્રત્યેની અનન્ય શ્રાદ્ધાને યાદ કરે છે. પૂ. માએ પણ અંજલિ આપી છે, તે અત્યારે ગાઈ સંભળાવે છે. પૂ. મા કહે "આ પરિવારને પૂ. શ્રીમાં જે શ્રાદ્ધા છે તે પ્રભુની કૃપા કહેવાય. શ્રી કાંતિભાઈનો આધ્યાત્મિક વારસો આ પરિવારે હજુ પણ સાચવી રાખ્યો છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે."

પૂ. મા પ્રવીણાબેનને જન્મદિનની વધાઈ આપતાં કહે "જીવનનું આ કેટલામું વર્ષ ઉઠ્યું? ઉઠી ગયું એટલા માટે કે જીવનના જે વર્ષોમાં પ્રભુમય જીવન ન જીવાયું હોય તે બધાં વર્ષો ઉઠી ગયાં કહેવાય. અને જે જીવનમાં પ્રભુ બેઠા હોય તે જીવન જ તીર્થસમ બની જાય છે. જન્મદિવસ એ જીવનનું સરવૈયું કાઢવાનો દિવસ છે. ભૌતિક જીવનમાંજ એ જીવનની ઈતિશ્રી આપણે સમજતા હોઈએ તો તે યોગ્ય નથી. જીવનનું એક આધ્યાત્મિક પાસું પણ છે તેનો વિચાર કરવો જોઈએ. જન્મદિવસ એ આપણે જીવનમાં કરેલી ભૂલોમાંથી પાછા વળવાનો દિવસ છે. જીવનવિકાસમાં સહાયક બને તે માટે નવા સંકલ્પો કરવા જોઈએ. આપણા દેહને જ એવું મંદિર બનાવીએ જેથી પ્રભુને એમાં બેસવાની ઈચ્છા થાય."

પૂ. શ્રીમાં જેમને જેમને શ્રાદ્ધા હતી તેમની શ્રાદ્ધાને જીવંત રાખવા પૂ. મા તપસ્વીકાળમાં પણ દોડધામ કરી રહ્યાં છે. એટલું જ નહીં પરંતુ પોતે પૂ. શ્રીમાં વ્યક્ત કરેલી અનન્ય શ્રાદ્ધા એ જીવનમાં દિવ્ય અનુભૂતિની કેવી રસલ્હાણ પીરસી છે, તેનો રસાસ્વાદ શ્રાદ્ધાળુજનોને ચખાડતાં રહે છે. સ્વયં



શ્રાદ્ધાનો જીવંત આદર્શ બની રહ્યાં છે. આકરા ઉપવાસોના એ અસ્ખલિત પ્રવાહમાં કેટલાંયે ચમત્કારિક ઝરણાઓ પણ પ્રવેશ્યાં છે. શ્રાદ્ધાની જીવંત દીવાદાંડી બનીને કેટલાય જીવોની હોડીઓને પ્રભુના ધામ પ્રતિ વાળી રહ્યાં છે. શ્રી કાંતિભાઈ જ્યારે હયાત નથી ત્યારે તેમના સ્વજનોએ વડીલનો આધ્યાત્મિક વારસો જાળવી રાખે તેવા પૂ. માના નમ્ર પ્રયાસો છે.

આજે ૯ માર્ચ '૮૯ નું સુવર્ણ પ્રભાત પૂનાની ધરતીપર પ્રકટ્યું છે. પ્રભાત સુવર્ણ એટલા માટે કે પૂ. માના સાંન્નિધ્યમાં દરરોજ સોનાનો સૂરજ ઉગે છે અને તેના તેજે સુંદર માનવપદ્મો વિકસિત થતાં રહે છે. દેવ અને દેવના ધામ સાથેજ હોય તો તે શોધવા ક્યાં વળી ગંગોત્રી, જમનોત્રી કે હરિદ્વાર જવું!

પ્રેમગંગનાં ગંગોત્રી છો,
રસના મૂળ ચિરંતન,
પવિત્ર જમુનાનાં જન્મોત્રી,
સુરતાના રસ સંગમ.

તો, બસ આ પ્રયાગમાં જ સ્નાન કરી લઈએ. ચાલો, એ સ્નાનની મોજ માણીએ. પૂના પાસે કુદરતી સૌંદર્યથી ઘેરાયેલા ભીમાશંકરના પવિત્ર જ્યોતિર્લિંગના દર્શને પૂ. મા બટુકો સાથે પધાર્યાં છે. શાંતિ અને સુંદરતાનો સંગમ અહીં સહજ છે. અત્યારસુધી બધાં તીર્થસ્થાનોમાં કેવળ આ તીર્થજ કુદરતનાં ખોળે વસેલું છે તેથી પૂ. માને અહીં ખૂબ ગમ્યું છે. ગર્ભગૃહમાં પ્રવેશી સૌ પૂજા અને આરતી આનંદપૂર્વક કરે છે. સભામંડપમાં બેસી સૌ પૂ. મા સાથે શિવમહિમ્નનો પાઠ કરે

છે. અહીં બ્રાહ્મણે સૌના કપાળે સુંદર તિલક કર્યાં છે. સૌના ભાલપ્રદેશે સોહતા સુંદર તિલક જોઇ પૂ. મા ખૂબ રાજી થયાં છે. પોતે પણ એવું તિલક કરાવતાં કહે "આ ભાલપ્રદેશ પરનું તિલક દર્શાવે છે કે આ મસ્તકમાં પ્રભુનો વાસ છે. આપણે જાગૃત રહીએ કે તિલકવાળું મસ્તક હમેશાં પ્રભુમય વિચારોનું ધામ બને!"

નાની નાની આવી સુંદર વાતોમાં, દૃઢતાભર્યા નાના નાના પગલાઓમાં, પ્રેમવર્ષા કરતાં નાના નાના નયનોમાં, સંજીવનીની સરવણિ વહાવતી નાની નાની અંગુલીઓમાં, અને ચૈતન્યથી ધબકતા એ નાનકડા હૃદયમાં જ આવી મહાન માતા છુપાયેલી છે.

"અમે નાના અમારી ના શક્તિ નાની,
હવે વાત તો જરીયે ના રહીના છાની,
નાની કાયા આતમ પણ નાનો નથી–" અમે નાના.

આ વિરાટ વામનના સથવારે સથવારે જ્યોતિર્લિંગના દર્શન કરી ફરીથી પગથિયાં ચડી ઉપર જઇ રહ્યા છીએ, ત્યારે નજરે પડેલા એક દ્રષ્યથી અમે આશ્ચર્યમાં ગરકાવ થઇ જઇએ છીએ! પૂ. મા સાથે અમે સૌ ધીમે ધીમે પગથિયાં ચડી રહ્યાં છીએ ત્યાં પાછળથી એક સાધુ થોડી વધુ ઝડપથી પગથિયાં ચડતાં છેક પૂ. મા પાસેથી "સીતારામ સીતારામ" બોલતાં પસાર થાય છે. પૂ. માએ તુરત જ વિના વિલંબે કહ્યું "એમને સો રૂપિયા આપો અને એમનો ફોટો લઇ લો" આ વાત થઇ ત્યાં સુધીમાં તો એ સાધુ આગળ નીકળી ગયા હતા. ભગવાનજીભાઇ ઝડપથી દોડી તેમને સો રૂપિયા આપે છે. પરંતુ સાધુ મહારાજે તો સો રૂપિયાની નોટ તરફ નજર સુદ્ધાં



કર્યા વિના સહજ સ્વીકારી લીધી. અને એજ ગતિથી ઝડપથી આગળ નીકળી ગયા. અમે ઝડપથી ઉપર જઇ તેમની તપાસ કરી તો એ સાધુ ત્યાં ન હતા! પૂ. મા તેમને ઝડપથી ઉપર જતા જોઇ ફક્ત એટલું જ બોલ્યાં કે "હવે તેમનો પરિચય મળી જશે." પછી પૂ. મા આ બનાવ વિષે કંઇ બોલ્યાં નથી. અમે પછી બસમાં ગોઠવાયા પરંતુ અમારા મનમાં હજુ આ પ્રસંગ ગોઠવાતો ન હતો. પછી સહજ વિચાર સ્ફૂર્યો કે નાગનાથ મહાદેવસ્થાનમાં મસ્તીભર્યા મધુરા ત્રણ બટુકોના ગાનથી પોતાનો પરિચય આપતી એ પરમશક્તિ અહીં પણ "સીતારામ, સીતારામ"ના પાવન નામસ્મરણથી પોતાનો પરિચય જાણે આપી ગઇ! અહીં પોતાના ધામમાં પોતાના આરાધ્ય દેવ 'સીતારામ'નું સ્મરણ કરનારા ભગવાન કૈલાસપતિ સિવાય બીજું કોણ હોય? આ યાત્રા જ મહારાષ્ટ્રમાં આવેલા સાત જ્યોતિર્લિંગોના પાવન દર્શનની છે. ભીમાશંકર મહાદેવના દર્શન સાથે આ યાત્રા પૂર્ણાહૂતિ પર પહોંચી છે ત્યારે તેમની કૃપાપ્રસાદિથી અમે સૌ ધન્ય ધન્ય બની ગયા! પૂ. માએ પ્રભુની પ્રસન્નતા માટે તપસ્યાનો જે મહાયજ્ઞ આરંભ્યો છે તે યજ્ઞની આહુતિઓ હવે છેક પ્રભુના ધામ સુધી પહોંચી છે અને તે આહુતિઓના સ્વીકાર સાથે પ્રભુ પોતાની પ્રસન્નતા આવા પ્રસંગોદ્વારા વ્યક્ત કરી રહ્યો છે! ગુરુદેવ પ્રભુ અને પૂ. માના સાન્નિધ્યમાં આવા દિવ્યપ્રસંગોની કૃપાપ્રસાદિ વારંવાર મળી છે. આવા પ્રસંગોને મુલવવાની શક્તિ કદાપિ કલમમાં હોઇ શકે નહિ. મહાપુરુષોના સાન્નિધ્યની આ તો દિવ્યપ્રસાદિ છે. તેમની કૃપા વિના પ્રાપ્ત થવી મુશ્કેલ છે.

સંત સમાગમ પૂ. માના આધ્યાત્મિક જીવનનું એક પાસું

રહ્યું છે. પૂ. મા આજે પૂના પધાર્યા છે તો પૂનામાં બિરાજતાં મહાયોગિની ઈન્દિરાદેવીનો સુખદ સમાગમ કરવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. નખશીખ ભારતીયતાથી દીપી ઉઠતા, સંગીત, સ્વર અને પ્રેમના ત્રિવેણી સંગમ સમા દિલીપકુમાર રોય જેવા મહાન ગુરુનાં મહાન શિષ્યા તે ઈન્દિરાજી. જીવનની અનેક આંધીઓ સામે પણ ગુરુકૃપાની મહાજ્યોતિના તેજે પ્રભુપંથે અવિરત ડગલાં માંડતા ઈન્દિરાજી વર્તમાન ભારતમાં સંત પરંપરાના ઉજ્જવલ પ્રતીકશાં સોહી રહ્યાં છે. ચાલો, આપણે પણ આદરપૂર્વક એમનાં શ્રી ચરણોમાં પ્રણામ કરી તેમની સુખદ સંન્નિદ્ધિનો લાભ લઈએ.

શ્રી ઈન્દિરાજીના દર્શને જતાં પહેલાં અમે પૂ. મા સાથે ૫–૩૦ વાગ્યે ભારતના પવિત્ર રાષ્ટ્રીય સ્મારક સમા આગાખાન મહેલમાં પૂ. શ્રી કસ્તુરબા અને મહાદેવભાઈ દેસાઈની સમાધિના દર્શનથી કૃતકૃત્યતા અનુભવીએ છીએ. દેશદાઝ ધરાવતું પૂ. માનું હૈયું દર્શન માટે જાન ન્યોછાવર કરનાર શહીદોને અંજલિ આપ્યા વિના રહી શકતું નથી. આ રાષ્ટ્રીય તીર્થો પૂ. મા માટે આધ્યાત્મિક તીર્થો જેટલાં જ આદરણીય છે. લાખો પ્રણામ છે એ રાષ્ટ્રીય દેવતાઓના શ્રીચરણોમાં.

સાડા પાંચ વાગ્યે આગાખાન મહેલ જતાં બસમાં પૂ. મા પોતાની ડાયરીમાં અંતરમાં સહજ જાગેલા પ્રાર્થનાના ભાવો વ્યક્ત કરે છે. આ પ્રાર્થનાના સમય અને સંજોગો સમજવા જેવા છે. અહીં નથી પ્રાર્થના માટે એકાંત કે ધ્યાનાવસ્થાની શાંતિ, છતાં ચાલુ પ્રવાસે, પુનાના રાજમાર્ગોનાં ઘોંઘાટ વચ્ચે પણ કેટલી સહજતા પૂર્વક પૂ. મા આત્માનંદની મસ્તીમાં સરી પડે છે, તે અવસ્થા પણ માણવા જેવી છે. એકાગ્રતા, ધ્યાન,



પ્રાર્થના, જપ કે તપ માટે પૂ. માને વિશિષ્ઠ સંજોગો કે સમયની જરૂર પડતી નથી. જો આપણે પૂ. માના જીવન વ્યવહારોને સમજવા પ્રયત્ન કરીશું તો જ એ માતૃરૂપના રહસ્યને કંઈક અંશે પામી શકીશું. પૂ. મા હવે એ અવસ્થાએ આરૂઢ થયાં છે કે જ્યાં બાહ્યજીવન વ્યવહાર કે આંતરિક આધ્યાત્મિક અવસ્થા વચ્ચે કંઈ ભેદરેખા રહી નથી. એ શ્રી વિગ્રહદ્વારા જે અભિનય પ્રગટ પામી રહ્યો છે તે એ પરમાત્માના પ્રત્યક્ષ લીલાદર્શનો છે. વિચાર અને વર્તનના પ્રકટીકરણમાં એ પરમશક્તિ પ્રત્યક્ષ બની રહી છે. એટલે તો અહીં એ પ્રાર્થનાના ભાવો આપણી વચ્ચે થતા વાર્તાલાપો જેટલા સહજ બન્યા છે. પૂ. માએ ચાલુ બસે પણ ડાયરીમાં ટપકાવેલા ભાવો, એ મગજકસીને, પ્રયત્નપૂર્વક લખેલા શબ્દો નથી પણ છીપમાં ઝીલાયેલું સ્વાતિ નક્ષત્રનું જલ જેમ મોતી બની જાય તેમ એ નિર્મળ અંતર આકાશમાં પ્રકટતા ભાવો, વિચારો, એ પરાવાણીરૂપી મોતી જ છે. અહીં આ પ્રાર્થનાની વાત એટલા માટે વિસ્તારપૂર્વક લખવાની જરૂરી લાગી કે પ્રાર્થનારૂપે ડાયરીમાં વ્યક્ત થયેલા એ વિચારો આગળ અક્ષરશઃ સત્ય ઠર્યા છે. ચાલો માણીએ એ સમર્થ સંતોના લીલા પ્રસંગને!

આ રહી એ સરળ નમ્ર પ્રાર્થના–પૂ. મા લખે છે "હે! સિદ્ધાવસ્થાએ બિરાજનાર શ્રી ઈન્દિરાદેવી! આપના શ્રી ચરણે પ્રણામ સાથે પ્રાર્થના છે કે આ બાળકને પ્રેમથી આશીર્વાદ આપો અને વાતો કરો."

**તા. ૯ માર્ચ '૮૯, સમય : ૫–૩૦ બસમાં**

અમે ૬–૪૫ વાગ્યે 'હરેકૃષ્ણમંદિર'માં પ્રવેશીએ છીએ

ત્યારે પૂ. માના આ પ્રાર્થનાભાવોની બીજા યાત્રિકોને જાણ નથી. શ્રી ઈન્દિરાજીના દર્શન પહેલાં પૂ. માએ સૌને એક સૂચના આપી છે કે એમનો કોઈ પરિચય શ્રી ઈન્દિરાજીને આપવો નહીં. સૌએ દર્શનાર્થીઓના પ્રવાહમાં ભળી જવાનું છે.

'હરેકૃષ્ણમંદિર' એ શ્રી ઈન્દિરાજીનું નિવાસસ્થાન છે એમ કહેવાને બદલે આ કહેવાનું યોગ્ય લાગશે કે તેઓ જ પ્રભુના ધામમાં નિવાસ કરે છે. અંદર પ્રવેશતાં જ લાગે કે જાણે બાંકે બિહારીનું લીલાધામ વૃંદાવન! પ્રેમ, કલા અને સૌંદર્યનો ત્રિવેણી સંગમ એટલે 'હરેકૃષ્ણમંદિર.' પ્રભુના પાગલ પ્રેમીઓની આ લીલાભૂમિ છે. ગુરુ અને ગૂઢને પણ અહોભાવ વ્યક્ત કરવાની સહજ ઈચ્છા જાગી ઉઠે એવા પરમપ્રિય સમર્પિત શિષ્યની રમણભૂમિ છે. એટલે જ આપણે અહીં કોઈ ઘરમાં નહિ; પરંતુ મંદિરમાં પ્રવેશીએ છીએ! નજર હઠાવવાની ઈચ્છા ન થાય એવી કળામય, ભાવવાહી મનોહર રાધાકૃષ્ણની મૂર્તિઓ છે. ૬–૪૫ થયા છે, સાંજના સત્સંગનો સમય છે. ભાવિકો પ્રભુના ગુણગાન ગાવામાં મસ્ત છે. દર્શન કરી અમે સૌ પૂ. શ્રી ઈન્દિરાજીની મુલાકાત માટે ઉપરના ખંડમાં જ્યાં તેઓ બિરાજ્યાં છે ત્યાં ગયા.

પૂ. ઈન્દિરાજી સોફા પર બિરાજ્યાં છે. દિવાલો પર રામકૃષ્ણ પરમહંસ, મા શારદામણિદેવી, મહર્ષિ અરવિંદ, માતાજી મીરાંદેવી અને દિલીપરોયની મનોહર પ્રતિમાઓ શોભી રહી છે. નીચે સામે મુલાકાતીઓ બેઠા છે. પૂ. મા સહિત અમે સૌ ખંડમાં આવ્યા એટલે પ્રસન્નતાપૂર્વક આવકારે છે. પ્રાર્થનાની દિવ્ય શક્તિ તેમજ શ્રી ઈન્દિરાજીની સિદ્ધાવસ્થાની સમર્થતાનો પરિચય આપણને અહીં જ થાય છે. અમે પ્રણામ



કરી નીચે બેસીએ છીએ. પૂ. મા પણ પ્રણામ કરી અમારી સાથે જ નીચે બેસવાનો પ્રયત્ન કરે છે. પરંતુ પૂ. મા જેવાં પ્રણામ કરે છે કે તુરત જ તેમના બંને હાથ પકડીને શ્રી ઈન્દિરાદેવી આદર સાથે પોતાની પાસે સોફા પર બેસાડે છે. પૂ. માને ઓળખવા એ લોઢાના ચણા ચાવવા જેવું છે. પ્રથમ પરિચયમાં આવનાર સૌ પૂ. માને એક સાધારણ બેન સમજે છે. દેખાવ કે પોષાકની અહીં કોઈ બાહ્ય ભભક નથી. જનસમાજમાં એક મહાન સંતપુરુષ તરીકે એવી કોઈ આગવી છાપ પણ અહીં નથી. સફેદ પોષાક પહેરનારાં અનેક બેનોની જેમ એક સાધારણબેનથી વિશેષ કશું જ નથી. બીજી બેનો જેમ સહજ અલંકાર ધારણ કરે તેમ પૂ. મા પણ ગળામાં સોનાનો ચેઈન અને બંને હાથમાં પણ બંગડીઓ પહેરે છે. એટલે જ અહીં પૂ. માને ઓળખવામાં પૂ. ઈન્દિરાદેવીના એક સિદ્ધયોગિની તરીકેની સમર્થતા રહેલી છે. અનેક મુલાકાતીઓની જેમ પૂ. મા પણ એક મુલાકાતી તરીકે જ ત્યાં આવ્યાં હતાં. તેમ છતાં પૂ. ઈન્દિરાજીની દિવ્યદૃષ્ટિ એ આત્મિક અવસ્થાને પામી ગઈ. જે આદર અને સન્માન પૂ. ઈન્દિરાજીએ પૂ. માને આપ્યું તે કંઈ નાનું સૂનું ન હતું. એમાં એમની નિખાલસતા અને સરળતાના દિવ્યગુણો રહેલા છે. બાકી તો આજે સાંપ્રત હયાત સંતોમાં પૂ. ઈન્દિરાજીની પ્રતિષ્ઠા ફક્ત ભારતજમાં નહિ, પણ એ સીમાડાઓ પાર કરીને વિશ્વમાં વિસ્તરેલી છે.

પૂ. ઈન્દિરાજીના દિવ્ય સાન્નિધ્યમાં જે સત્સંગ સરિતા પ્રકટી તેમનું પણ આચમન કરી લઈએ. તેઓ પૌઢાવસ્થાએ પહોંચેલાં દેખાય છે. તેમ છતાં નરસિંહ ને તુલસીદાસની જેમ

એ પ્રેમની અવસ્થાને કોઈ ઉમરના બંધન રોકી શકતાં નથી. એ હસમુખા ચહેરાપર પ્રેમના દિવ્ય સંગીતને આજે પણ માણી શકાય છે. શરીરની અસ્વસ્થતા વચ્ચે એજ સ્વસ્થતા અને પ્રસન્નતા મુખારવિંદપર વિલસી રહી છે. જિજ્ઞાસુઓના પ્રશ્નોના ઉત્તરમાં તેમણે કહ્યું "મારા જીવનમાં ગુરુની કૃપા જ સર્વ કંઈ છે. મને જે કંઈ અનુભૂતિઓનો અમૃતરસ ચાખવા મળે છે તેમાં પ્રભુકૃપા જ રહેલી છે. મારી કોઈ ભવ્ય સાધના કે ત્યાગ નથી. મારા જીવનમાં ગુરુકૃપાએજ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. મારામાં એવી કોઈ લાયકાત નથી છતાં લોકો મને મળવા આવે છે તેથી મને આશ્ચર્ય થાય છે. તેઓએ બીજા સંતો પાસે જવું જોઈએ. તમે અમેરિકા જવાના છો? એ પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે સુગંધિત પુષ્પોને ક્યાંય જવાની જરૂર નથી. ભ્રમરોને તેને બોલાવવાની જરૂર પડતી નથી. ભ્રમરો જાતે જ ખેંચાઈને પુષ્પો પાસે પહોંચે છે. જુદી જુદી જગ્યાએ ભટકવાની જરૂર નથી. જેમ મીઠાઈ ખરીદવા આવેલો ગ્રાહક મીઠાઈ ખરીદશે જ એવું લાગશે તોજ હલવાઈ સારી સારી મીઠાઈઓ બતાવશે. તેમ ઊંડી જિજ્ઞાસાથી કોઈ પણ જીજ્ઞાસુ ગુરુરૂપી હલવાઈ પાસે જશે તો તેને સાધનાત્મક માર્ગદર્શનરૂપી અવનવી મીઠાઈઓનો રસાસ્વાદ ગુરુ જરૂર ચખાડશે. સન ૧૯૪૯ થી મને હૃદયમાં સતત ગોપાલનાં દર્શન થયાં કરે છે. મને વિશ્વમાં કોઈ પરાયું લાગતું નથી. ગુરુ એજ પ્રભુ છે, મારા મતે પ્રેમ અને ગુરુકૃપા એજ સાધનાનાં સારતત્ત્વ છે."

શ્રી દિલીપકુમાર રોયના પુસ્તકો જેમણે વાંચ્યા છે તેમને પૂ. શ્રી ઈન્દિરાજીની ઓળખ આપવાની જરૂર નહીં પડે. "અનંતના યાત્રી" પુસ્તકમાં ગુરુ દિલીપકુમાર રોય પણ જેમનું



ગૌરવગાન ગાવાની ઉત્કંઠાને રોકી શકતા નથી એવાં પૂ. ઈન્દિરાદેવી આજે પણ દિવ્યપ્રેમના મશાલચી બની અનેક પ્રભુપ્રેમીઓને એ દિવ્યપંથે દોરી રહ્યાં છે. હવે આપણે સિક્કાની બીજી બાજુ પણ જોઈએ.

અહીં એક બીજા પણ અજોડ ગુરુ છે કે જેમણે પોતાના શિષ્યને માતૃપદે સ્થાપ્યા છે. નેતિ નેતિ પોકારવાથી પણ એ ગુરુની મહાનતાને નહીં આંબી શકાય એવા, પૂ. યોગેશ્વરજી પણ જે માતૃચરણોને પૂજનીય માને છે એવાં પૂ. માનાં એક વિશિષ્ઠ દર્શન આજે આપણે પૂ. ઈન્દિરાજીના સાન્નિધ્યમાં કરી રહ્યાં છીએ. કેવું છે પ્રભુનું આ પ્રેમનું સામ્રાજ્ય? રાવણજેવા અનેક ખેરખાંઓના અભિમાની મસ્તકો ચુરચુર થઈ ગયાં પણ તેમને એક અંશ પણ નમવાનું ગમ્યું નથી. કેટલું અઘરું છે નમવાનું? ત્યારે જુઓ આ પાવનપ્રેમનું સામ્રાજ્ય! નમ્રતાની આવી મહાનતાનું દર્શન આ આધ્યાત્મિક જગતમાં જ શક્ય બની શકે. પ્રેમ કેટલો નમ્ર બની શકે છે તેનું આવું અજોડ ઉદાહરણ ન ભૂતો ન ભવિષ્યતિ! કેવા ગુરુ ને કેવાં ગુરુમાતા!

આપણા આજના સંતસમાગમના સત્સંગનો પદાર્થપાઠ પણ નમ્રતાના દર્શન કરવાનો છે. પૂ. માને પૂ. ઈન્દિરાજીએ આદર સાથે એકજ સોફાપર પોતાની પાસે બેસાડ્યાં છે. પોતે તો પ્રણામ કરી નીચે જ બેસવા ઈચ્છતાં હતાં, પરંતુ પૂ. ઈન્દિરાજીના પ્રેમાગ્રહને અવગણી શક્યાં નથી. પૂ. માને પૂ. ઈન્દિરાજી સાથે સ્થાન લેવામાં ભારે સંકોચ થયો છે. પૂ. માનું એક વિરલ દર્શન આપણે અત્યારે કરી રહ્યા છીએ. શરીર સોફાપર બેઠેલું દેખાય છે, પરંતુ મનથી તો પૂ. મા સૌ સાથે નીચે જ બેઠાં છે. પૂ. ઈન્દિરાજી જેવાં સિદ્ધયોગિનીના આ

સન્માનને જાણે પોતે લાયક નથી એમ સમજી ન છૂટકે, સંકોચ નહીં પણ મહાસંકોચ સાથે શરીરને જાણે પરાણે સોફાપર ગોઠવ્યું હોય તેમ પોતાની જાતને સંકેલીને બેઠાં છે. આંખો બંધ છે, પણ ભાવને રોકી શક્યાં નથી. બસ નમ્રતા વહી રહી છે એ પ્રેમાશ્રુઓદ્વારા! પૂ. ઇન્દિરાજી પણ સત્સંગ કરાવતાં વચ્ચે વચ્ચે આ ભાવદર્શન કરી રહ્યાં છે. અડધી કલાક સુધી સત્સંગ ચાલ્યો, પરંતુ પૂ. મા સંપૂર્ણ મૌન રહ્યાં છે. ત્યાં સુધી કે બંનેને જાણે એક શબ્દ પણ પરસ્પર બોલવાની જરૂર લાગી નથી! સંતોની ઉપસ્થિતિ માત્ર પ્રભુપંથની મૌન માર્ગદર્શક બની રહી!

વિદાયવેળા પૂ. માની પ્રાર્થનાને પૂર્ણપણે ચરિતાર્થ કરતી ગઇ. ફરી એકવાર પૂ. મા પૂ. ઇન્દિરાજીને વિદાય લેતાં પ્રણામ કરે છે. ત્યારે પૂ. ઇન્દિરાજીએ પોતાના બંને હાથોથી પૂ. માના મસ્તકને પોતાના ખોળામાં લીધું છે. માતા જેમ પોતાના બાળકને વ્હાલ કરે તેમ પૂ. ઇન્દિરાજી પૂ. માના મસ્તકે તેમજ આખ્ખાયે વાંસા ઉપર ખૂબ જ હેત દર્શાવી હાથ ફેરવે છે. વ્હાલની વર્ષા વરસાવતાં પૂ. ઇન્દિરાજી બોલ્યાં "તમારા ગુરુના ભવ્ય વારસાને દીપાવો અને સૌને એ મંગલ રસ્તે દોરી જાઓ." અમારા તરફ જોઇ તેઓ બોલ્યાં "એમના પગલે ચાલશો તો જીવનમાં ક્યારેય ભૂલા નહિ પડો." પૂ. ઇન્દિરાજીના આ આશીર્વાદ સાથે અમે છૂટા પડ્યા પરંતુ દિલ તો એ "અનંતના યાત્રી" સાથે જોડાઇ ગયું!

પૂ. માના આજના લીલાદર્શનને આપણે શું મુલવી શકીએ? પોતાની જાતને દૈવી સંપત્તિથી કેટલી અળગી કરી શકે છે? એક તરણા જેવાં હલકાં, જાણે પોતે કંઇ જ નથી, અપરીમેય શક્તિનો ભંડાર છતાં પોતાની જાતને સાવ ખાલીખમ રાખવાની શક્તિ તો પૂ. માની વિરલ સાધનાની વિરાટ સિદ્ધિ છે. નમ્રતાનું આજનું દર્શન આત્મિક વિકાસના પાયાનું રહસ્ય હોય એમ નથી લાગતું? નમ્રતાનાં સોપાનો ચઢ્યા સિવાય સાધનાના ઉન્નત શિખરો સર નહીં કરી શકાય તેવો પદાર્થપાઠ આજના લીલાદર્શનનું રહસ્ય નથી શું?



'પરમ સમીપે' ચાલતાં ચાલતાં આપણા સૌને એ પાવન શ્રી ચરણોની ધૂલિને મસ્તકે ચઢાવવાનું જ સૌભાગ્ય સાંપડ્યું તે પૂ. મા અને ગુરુદેવપ્રભુની પરમ કૃપા જ છે. એ લીલાદર્શનનું દર્શન યથાર્થ છે, અતિશયોક્તિને ક્યાંય સ્થાન નથી. આપણાં જીવનની સાર્થકતા આ 'લીલાદર્શન'ના લાભમાં હોય તો પછી એ લોભ શા માટે મૂકીએ? પૂ. માને પ્રાર્થના કરીએ કે આપના પરમ સાન્નિધ્યનું સુખ પામવું એ અમારા હાથની વાત નથી, એવું સદ્ભાગ્ય પણ નથી અને લાયકાત તો આ બાળકોમાં શું હોય? આપની કેવળ કૃપા, કેવળ કરુણા, કેવળ દયા વિના અમારો કોઇ આરો નથી.


આપનો "ઇશમહિમા" ગાવાની શક્તિ અમારામાં તો ક્યાંથી હોય? ક્ષમા કરજો હે મા! પ્રણામ'

બ્રહ્મ તૂ, હૌં જીવ, તૂ ઠાકુર, હૌં મેરો;<br>
તાત, માત, ગુરુ, સખા, તૂં સબ વિધિ હિતૂ મેરો.

સંપૂર્ણ

# શ્રી કપિલદેવ અગ્નિહોત્રીને શ્રદ્ધાંજલિ

બાબુભાઈ વોરા (અમદાવાદ)



(સ્વ. શ્રી કપિલદેવ શર્મા)

'ગુજરાત સમાચાર'માં છેલ્લા ૩૭ વર્ષથી અઠવાડીક ભવિષ્ય અને રાજકીય ભવિષ્યના કટાર લેખક અને ગુજરાતના પ્રખર રાજજ્યોતિષી શ્રી કપિલદેવ ચુનીલાલ શર્મા (અગ્નિહોત્રી) નો ૬૨ વર્ષની વયે દેહવિલય થયો છે. સ્વર્ગસ્થ ગુજરાત સમાચાર પરિવારના એક સન્માનીય સભ્ય હતા.

સ્વ. કપિલદેવ શર્માના પિતા શ્રી અગ્નિહોત્રીએ અગ્નિની દીક્ષા લીધી ત્યારબાદ ૧૪ વર્ષની ઉંમરથી જ તેમણે જ્યોતિષશાસ્ત્રનો ગહન અભ્યાસ શરૂ કર્યો હતો. જ્યોતિષનું શિક્ષણ તેમણે બનારસમાં લીધું હતું. ૧૯૫૨ ની સાલથી તેઓ ગુજરાત સમાચાર સાથે જોડાયેલા હતા. તેમના 'અઠવાડીક ભવિષ્ય' કોલમ અને પ્રત્યક્ષ પંચાગમાં તેમનું પ્રદાન લોકભોગ્ય બન્યું હતું. તાજેતરમાં તેમને ભારતીય સંસ્કાર ધામ, અમદાવાદ



તરફથી સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી તેઓ ધર્મમય અને ઉપવાસીજીવન જીવતા હતા.

શ્રી કપિલદેવ એક સારા જ્યોતિષી ઉપરાંત સંત મહાત્માઓ પ્રત્યે શ્રદ્ધા ધરાવતા, સારા સાધક હતા.

પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પરિચયમાં તેઓ આવેલા અને તેઓ પ્રત્યે સારી એવી શ્રદ્ધા ધરાવતા. પૂ. મહાત્માજીના બ્રહ્મલીન થયા પછી તેઓ પૂ. મા શ્રી સર્વેશ્વરી પ્રત્યે ભગવતી ભાવથી જોતા અને અનેક ઉત્સવ પ્રસંગોએ એઓના પૂજન-અર્ચનમાં અન્ય યોગેશ્વર પરિવારના ભાઈબહેનોના અધ્વર્યુ તરીકે તેઓ ખાસ ઉપસ્થિત રહેતા. દૂર સુદૂરના દેવપ્રયાગ, મસૂરી જેવાં સ્થળોએ પણ તેઓ પોતાનાં ધર્મપત્ની સાથે પૂ. મહાત્માજીના નિર્વાણદિનના કાર્યક્રમોમાં પણ પધારેલા.

મારા તો તેઓ અંગત સ્નેહી ને માર્ગદર્શક હતા. છેલ્લાં કેટલાંક વર્ષોથી દર રવિવારે અમે મળતા.

તેઓ સાદા, સરળ, પ્રેમાળ, પવિત્ર, શ્રદ્ધાળુ તેમજ વૈદિક પરંપરાના અગ્નિહોત્રીઓના પ્રતિનિધિ સમા હતા. એવા આત્માને આપણે તો શું શ્રદ્ધાંજલિ આપીએ! અગ્નિ પ્રભુના ચરણોમાં તેઓએ પોતાની જાતને સમર્પિત કરી દીધેલી—એવા આજના યુગના એ વિરલ આત્માને આપણા વારંવારના વંદન—પ્રભુ! એ આત્માને સર્વ પ્રકારે શાન્તિ આપે એજ પ્રાર્થના.

# સંત તેજાનંદ સ્વામી

સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

(ગતાંકથીચાલુ)

**વડોદરાના વિમળ પ્રસંગો**

સાધુનાં દર્શનં પુણ્યં તીર્થભૂતા હિ સાધવઃ,
કાલેન ફલતે તીર્થં સદ્યઃ સાધુ સમાગમ.

'સાધુઓના દર્શનથી પુણ્ય થાય છે, સાધુઓ તીર્થ જેવા છે, છતાં તીર્થથી અધિક છે. તીર્થ તો ભવિષ્યમાં ફળ આપે છે અને સંતોનો સંગ તો તરત ફળ આપે છે.'

પાવન પર્યટન કરતા સદ્દ્ગુરુએ પેટલાદ ગામમાં પ્રવેશ કર્યો પરહિત કાજે તેઓ પધાર્યા હતા. એ મહાપુરુષના મંગળ આગમન પાછળ ઈશ્વરી સંકેત હતો. એને લીધે જ અનાયાસે એક યોગ બની ગયો.

સંતપુરુષના દર્શને ભાવિકોના પૂર ઊમટ્યાં. તેમાંથી જોગીરામ નામે એક આહિર ભક્ત બહાર આવ્યો અને વિનયથી સંતને વંદન કરતાં બોલ્યોઃ–

'પ્રભુ! મારી સાથે પધારી મારું ઘર પાવન કરો.' એના પ્રેમાગ્રહને વશ થઇ સદ્દ્ગુરુ આહિરને ઘરે પધાર્યા. સંતની પધરામણી થતાં જોગીરામે પ્રેમથી સંતનો સત્કાર કર્યો. એના કુટુંબના બધા જ માણસોએ સંતનું પૂજન કર્યું. આહિરને ભીમા નામની એક પુત્રી હતી. એના અંગે અંગમાં યૌવનનો અનેરો થનગનાટ હતો. તે યોવનોન્માદમાં ભાન ભૂલી હતી. તેજાનંદ



યુવાન સાધુ હતા. અખંડ બ્રહ્મચર્ય અને ધ્યાની પુરુષ–એટલે એમના મુખારવિંદની દિવ્ય ક્રાંતિ જોતાં ભીમાના હૃદયમાં સખત આંચકો લાગી ગયો. પુરુષો તો અનેક નિહાળ્યા હતા પરંતુ આવું અલૌકિક તેજ ક્યાંય ભાળ્યું ન હતું.' ભીમાએ સાધુપુરુષને જોતાં જ પ્રેમવિહ્વળ બની ગઇ. એના અંગે અંગમાં કામ વાસનાની વૃત્તિ જાગી ઊઠી.

પૂજનવિધિ પૂર્ણ થયા પછી સંતને પ્રસાદ જમાડ્યો. ત્યાર પછી તેઓ નિરાંતે પોતાના આસને બિરાજ્યા. સંતના ચરણમાં બેસી સત્સંગનો લાભ લઇ આમજનો પોતાના મુકામે જવા લાગ્યાં. થોડીવાર પછી નિરવ શાંતિ છવાઇ રહી. બહુ સારો લાગ સમજી ભીમા ધીમેથી સંતના આસન નિકટ આવીને બેસી ગઇ અને ધીમેથી બોલી. 'સ્વામી! જ્યારથી મેં આપનું મુખારવિંદ નિહાળ્યું ત્યારથી હું સાચે જ ભાન ભૂલી કેવળ આપને જ નિહાળી રહી છું! મને આપની બનાવી સંગાથે રાખો. તમે જ મારા ભગવાન છો. મારાથી કદી ન્યારા નહિ રહો. નાથ! મારો હાથ ઝાલીને આ ભવમાં સાથી બનીને સંગાથે રહો.' આમ કહેતાં ભીમાએ વંદના કરતાં વ્યાકુળતાથી સંતના ચરણ ગ્રહી લીધા.

સંતના હૃદયમાં સમાઇ જવા આતુર બની હોય તેવી એના હૃદયની વ્યથા હતી. ભીમાની એ અવદશા જોતાં નિર્મોહી સંત વિચારમગ્ન બની ગયા. કામાસક્ત બનેલી એ અબળા ઉપર અનુગ્રહ કરવાનો સંતે દૃઢ નિર્ધાર કરી લીધો; અને ધીમેથી એના શિર ઉપર પોતાનો વરદ હસ્ત સ્થાપતાં બોલ્યાઃ–

'ભીમા! તું મહાભાગ્યશાળી છે. તારા જેવી શક્તિસ્વરૂપા સ્ત્રી આવી રીતે વિષયરૂપી ઝેરમાં ડૂબી જશે તો પછી

સંસારને ઉગરવાનો કોઇ આરો નહિ રહે.'

'ભીમા! એક ઈશ્વરનું નામ સાચું છે. બાકી આ વાસનાઓ તો દુ:ખનું કારણ છે. માટે તમે એ પરમાનંદ પ્રભુ સાથે પ્રીત કરો. એનાથી તમારાં પૂર્વજન્મના પુણ્યનો ઉદય થશે અને તમે જ મહાભાગ્યશાળી બની જશો.' સંત પુરુષના આ શબ્દોની ચોટથી ભીમાનું હૃદય ભેદાયું. એ સાચે જ મીણની જેમ મુલાયમ બની ગઇ. એના નેત્રોમાંથી ચોધાર અશ્રુ વહન થઇ રહ્યાં. ઘડી પહેલાંનું વેરણ વાસનાનું પ્રાબલ્ય વિલીન થઇ ગયું. સજળ નયને સંતના ચરણ ગ્રહી તે દીનતાથી બોલી. 'દયાનિધિ! મને શરણાગતને તારી લ્યો. માયિક સંસારની વાસનાથી મુક્ત થઇ ઈશ્વર ભજન કરી શકું એવા મને શુભાશિષ આપો.'

ભીમાની એ દીન યાચનાનો સ્વીકાર કરતાં સંત પોતાનો વરદ હસ્ત એના શિર ઉપર સ્થાપતાં બોલ્યા, 'ભીમા, તું સાચે જ વાસનાથી મુક્ત થઇ અનન્ય પ્રેમથી પ્રભુભક્તિ કરી જીવન ધન્ય બનાવશે.' આમ કહેતાં સંતે શુભાશિષ આપ્યા. એ જ ઘડીથી નવયૌવના ભીમા માયિક વાસનાથી મુક્ત થઈ, પરમાનંદ પ્રભુના ધ્યાનમા નિમગ્ન બની ગઇ.

* * *

મહાભાગ્યશાળી ભીમા ઉપર અનુગ્રહ કરી સંત માર્ગે વિચર્યા. તેમનું વડોદરામાં આગમન થયું. પ્રેમી ભક્તોએ મહાપુરુષનો સત્કાર કર્યો. સંતના દર્શન માટે લોકોની મેદની મચી રહી. એ જ પ્રમાણે પૂજન માટે પણ લાંબી હારમાળા લાગી રહી.

સોભાજી નામના એક મારવાડીના હૃદયમાં દર્શનાભિલાષા પ્રગટી. એટલે તે સંતના દર્શને આવ્યો. ધનાઢ્ય હોવા છતાં



મારવાડી જબરો કંજૂસ હતો. આજે તે સંતના દર્શને આવ્યો હતો. સંતને વંદન કરતાં સોભાજી જેવો નિકટ આવ્યો કે લોકો બોલી ઉઠ્યા, 'મહારાજ! આ મારવાડી પાસે અપાર પૂંજી છે પરંતુ કંજૂસનો કાકો છે. એક ફૂટી બદામ પણ પરમાર્થમાં ખર્ચે તેમ નથી. દયાનિધિ! એને ઉપદેશ આપી દાની બનાવો.'

લોકોના એ શબ્દો શ્રાવણ કરતાં સદ્‌ગુરુ ખડખડાટ હસી પડ્યા. 'આટલા બધા માનવસમુદાયમાં પોતાનું અપમાન થયું સમજી સોભાજી બિલકુલ સૂનમુન બની ગયો હતો. એને જોતાં સંતે લોકોને સંબોધતાં સાદ કર્યો:–

'તમે જે સોભાજીનો આટલો બધો તિરસ્કાર કરો છો પરંતુ એક સમય એવો આવશે કે તમારે એના ચરણ ચૂમવા પડશે. તે સમયે તમને સંતના શબ્દોનું યથાર્થ સ્મરણ થશે.'

'અત્યાર સુધી તમે સોભાજીને કંજૂસ નિહાળ્યો, એ વાત સાચી હશે પરંતુ એના હૃદયના એક ખૂણામાં જે અગમ્ય દયાની વૃત્તિ દબાયેલી છે તે હવે સજાગ બની ગઇ છે. સોભાજી દાતાર બની જશે. તમે એના નામની શોભાના વખાણ કરતાં થાકી જશો. તમે જેને કંજૂસ કહી વગોવ્યો છે એ સોભાજી ભલી ભાંતે સખીદાતાર બની જશે.'

ચકમકને એક લોહાના ઘસરકાની જરૂર હતી. સોભાજીના પાષાણ હૃદયમાં સંતના શબ્દો ટકરાયા અને તે એવી રીતે પીગળી ગયો કે પોતાની સારી દોલતનો પરમાર્થમાં વ્યય કરવા તૈયાર થયો. એક સમયના કંજૂસ મારવાડીનું ભવન સંત–સાધુઓ માટે આતિથ્યધામ બની ગયું.

* * *

સંતની પધરામણી થયાના સમાચાર ફેલાતાં શહેર તથા આસપાસના ગામડાંઓમાંથી લોકોનાં ટોળાંઓ ઊભરાવા લાગ્યાં. દૂરદૂરથી ભાવિકો મહાપુરુષના દર્શને આવે અને પાવન થાય. ત્યારે પોતે શહેરમાં રહેવા છતાં સંતના દર્શનથી વિમુખ રહે એ કેવા હતભાગ્યની વાત! રતિબાઇ નામની એક નવયૌવનાના હૃદયમાં આવી ભાવના પ્રગટી.

સોની કુટુંબમાં એનો જન્મ થયો હતો. દેવે મુક્ત હૃદયે રૂપ આપ્યું હતું. નવયૌવન બનેલી રતિબાઇનું દેહલાલિત્ય જોતાં ભલભલા મુગ્ધ થઇ જતા. યૌવનામદમાં છકેલી રતિબાઇ વિષયકીટમાં ડૂબી ગઇ. એના રોમરોમમાં વેરણ વાસનાના દ્વંદ્વો ઉપસ્થિત થયા એટલે એ રૂપગુમાની રતિબાઇ કુળમર્યાદાનો વિચાર કર્યા વિના પાપના પંથે પ્રયાણ કરી રહી.

પોતે શું કરી રહી છે એનું ભાન નહિ. પોતાના પાપકર્મનો હૃદયમાં લગારે પસ્તાવો નહિ. એવી યૌવનોન્મત્ત રતિબાઇને સંતના દર્શને જવાની ઇચ્છા થઇ. તે અપાર હર્ષથી સંતના મુકામ તરફ ચાલી નીકળી. એક પતિત નારી સંતના દર્શને જઇ રહી હતી. એ પાવન પંથે વિચરતાં પગલે પગલે પાપ ધોવાઇ જતાં હોય તેમ નિર્મળ થયેલી રતિબાઇ સંતના સ્થાન નિકટ આવી પહોંચી.

પૂર્વજન્મના ભાગ્યનો ઉદય થયો. એટલે સંતના ચરણમાં જઇ દીનતાથી મસ્તક નમાવતાં રતિબાઇ બોલી. 'કૃપાનાથ! હું એક પતિત નારી છું. મારો ઉદ્ધાર કરો. સોની કુટુંબમાં હું કલંકિની જન્મી. યૌવનમદમાં ભાન ભૂલી પાપના પંથે વિચરી રહી. આજે મારા નાથ! મને પાપમુક્ત કરો. આ દુઃખ



દરિયા સંસારમાં સંતપુરુષનું શરણ સુખદાયક છે. શરણાગતની લાજ રાખી એક કુલટાનારીને સજાત બનાવો! "આમ કહેતાં ગદ્‌ગદિત થયેલી રતિબાઇનાં નેત્રોમાંથી અસ્ખલિત જળધારા વહન થઇ રહી. સંતના ચરણ ગ્રહી તે નિરાધારની જેમ આક્રંદ કરી રહી."

એ દુઃખી અબળાની વ્યથાથી જાણે પોતાનું હૃદય ઘવાયું હોય તેમ અવાક્ બનેલા સંતના નેત્રોમાંથી જળબિંદુ ટપકી રહ્યાં. આક્રંદ કર્યા પછી હૃદયનો ભાર હળવો થાય છે તેમ અધીર બની દારુણ ધ્રુસકા ખાઇને બેહાલ બનેલી રતિબાઇના શિર ઉપર પોતાનો વરદહસ્ત સ્થાપતાં સંતે સાદ કર્યો:–

'રતિબાઇ! તમે બહુ જ ભાગ્યશાળી છો. નહીં તો આવા દુર્લભ અવસરે તમારું આગમન થાય નહિ. પરભવના સંસ્કારી આત્માને જ આવો અમૃતસિદ્ધિનો અગમ્ય યોગ મળી જાય છે. તમે સંતના ચરણમાં આવ્યાં છો એટલે હવે સર્વદા નિર્ભય છો, માટે મનની બધી જ વ્યથાને વિસારી શાંત થઇ જાઓ!' આમ કહેતાં સંતે અપાર હેતથી એના શિર ઉપર પોતાનો વરદહસ્ત સ્થાપ્યો. ત્રિવિધ તાપો પ્રજળી ગયા હોય તેમ રતિબાઇ સાચે જ શાંત થઇ ગયાં.

પારસ પરસન લોહે પલટ ગયે રૂપા,<br>
છીનમે પાયા પરમ સોહાગ,<br>
ધન્ય ભાગ્ય જગે રતિબાઇ કે,<br>
સંત ચરણ અનુરાગ.

પારસનો સ્પર્શ થતાં લોઢું કાંચન બને અને તેનું રૂપ બદલાઇ જાય તેમ એક સમયની અભાગણી રતિબાઇને પરમ

સૌભાગ્ય પ્રાપ્ત થયું. એના ભાગ્યની બલિહારી કે તે પતિત હોવા છતાં સંતના દર્શને આવી. સંત ચરણમાં એનો સાચો અનુરાગ હતો. એને લીધે જ અનુગ્રહનો યોગ બની ગયો. સંતે પોતાની પાસે બેસાડી રતિબાઇને વિમળ ઉપદેશની વાતો કહી સંભળાવી એટલે એના હૃદયમાંથી મોહવિકાર દૂર થઇ ગયા. અંતરની ઉજ્જવળતા છવાય રહી.

મિટ ગયે વિકાર વિમળ ભયે અંગા,
હૃદય લગે હરિસે લાગ;
ગુરુ ઉપદેશ ચલ બસે અવધકો,
સરયૂ તટ મહાભાગ.

સદ્દગુરુના ઉપદેશથી એના હૃદયમાં રામરંગ લાગી ગયો. હરિસ્મરણની તાલાવેલી લાગી રહી. તે સમયે સંતે એને અવધ મુકામે જવાનો આદેશ આપ્યો. પ્રેમાશ્રુ વહાવતાં પ્રયાણ કરવા તૈયાર થયેલી રતિબાઇએ સંતના ચરણમાં શિર નમાવ્યું.

'રતિબાઇ! તમારો સર્વદા જય થાઓ. હરિસ્મરણ કરી તમે સંસારમાં વંદનીય બની જાઓ.' એના શિર પર પોતાનો વરદહસ્ત સ્થાપતાં સંતે શુભાશિષ આપ્યા. એ જ ક્ષણે રતિબાઇએ વડોદરાથી પ્રયાણ કર્યું.

કેટલાક સમય પછી રતિબાઇ અયોધ્યા પહોંચ્યા. સરયુ મૈયાના તટે મુકામ કર્યો અને એકાગ્રતાથી પતિતપાવન પ્રભુ શ્રી રામચંદ્રજીના ધ્યાનમાં નિમગ્ન બની ગયાં. તેમનું શેષ આયુ એ પ્રેમ લગનીમાં વ્યતીત થઇ ગયું!

(ક્રમશ:)



## મન! તું...

મન! તું બંધન ક્ષરનાં તોડ.
સત્ય, સનાતન ને શ્રેયસ્કર,
અક્ષર–બંધન જોડ:
મન! તું ક્ષરનાં બંધન તોડ.
કાળ અનન્ત કલવે સંવિત્‌માં,
માયાવી કૈં કોડ!
પ્રેયસ્‌માં લપટ્યે દોડાવે,
ગહન તિમિરમાં દોડ.
માયા–મમતા પરી કરીને,
મન–મૂલગાને મોડ,
મન! તું ક્ષરનાં બંધન તોડ.
આમ પ્રવાહ–પતિત થૈ પળશે?
ટળશે ઇન્દ્રિય–ખોડ?
પરમ પ્રભુતા–પિયૂષે કોળે,
અનુપમ અમૃત–છોડ.
પ્રતીપ પ્રવાહે તરી, હરિ–મિલને,
ભાણ્ડ આ ભવનું ફોડ,
મન! તું ક્ષરનાં બંધન જોડ.
અક્ષર–બંધન જોડ,
મન! તું ક્ષરનાં બંધન તોડ.

ડૉ. રણજિત પટેલ (અનામી)

## કંઈ પણ ખોયા વગર!

ગુંજી રહ્યું વાતાવરણ મુજ આસપાસ ચેતન સભર,
સંગીતની રમઝટ મચી સૂરને છેડ્યા વગર!
શો નાદને સુગંધ સુંદર, રૂપનું વૈવિધ્ય યે,
કેવી હૃદયને થાય પ્રતીતિ તુજને જોયા વગર!
અમૃતધારા થાનની શિશુને મળી રોયા વગર!
લાગી લગન કેવી મધુરી મનને મોહ્યા વગર!
સર્જનતણો હેતુ ગયો સમજાઈ અનેરો જ્યારથી,
પ્રેમની ભાષા સુણી મેં શબ્દ એક બોલ્યા વગર!
કૃપા અહો વરસી રહી આ રેક પર કેવી મઝા,
લખલૂટ સંપત્તિ મળી ગઈ કંઈ પણ ખોયા વગર!

ઈશ્વરભાઈ પ્ર. ભક્ત (પરમાર્થી)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૧૬૯
(ઉ.ગુ.) ૩૮૫૧૧૦



# સમર્થની સત્તા ને ભક્તિ

**સંત તુકારામ**

તને જો બીજું કાંઈ જ ન આવડતું હોય તોપણ તું મનમાં જરાય ગભરાઈશ નહિ. "હું હરિનો દાસ છું" એવી તું તારા મનની સાથે પાકી ગાંઠ વાળીને બેસી રહેજે. તું જો એટલું જ કરીશ તો પછી તને કોઈ જ બળપૂર્વક પકડી જનાર નથી. અર્થાત્ જન્મમૃત્યુરૂપી સંસારના અથવા કામક્રોધરૂપી વિકારના ફાંદામાં તું કદી પડનાર નથી. જે સમર્થ છે તેનું નામ લેવાથી તારી હિમ્મત વધી જશે. તુકારામ કહે છે કે સમર્થની સત્તા સહુને લાગુ પડે છે.

* * *

હે દેવ, તમારા મોટા મોટા ભક્તો તમારા સ્વરૂપને વિષે વિચાર કરતા રહે છે. વળી તેઓ જપતપાદિ અનેક પ્રકારનાં સાધનો પણ કરે છે. પરંતુ મને તો તેવું કશું કરવાનો અધિકાર જ નથી. મારું મન તેમના વિચારોને ગ્રહણ કરી શકતું નથી. હું તો સર્વ રીતે દીનહીન છું. મને તો માત્ર અંતઃકરણના આવેગસહિત તમારા કાલાવાલા કરતાં આવડે છે. તુકારામ કહે છે કે હે દેવ! મારાથી તમારી જે કાંઈ ગાંડીઘેલી સેવા બની શકે તેટલાનો સ્વીકાર કરવાની મારા ઉપર કૃપા કરજો.

## ચણોઠી

બોલોન નજીક પડાવ નાંખી પડેલા નેપોલિયન પાસે તેના સૈનિકો એક અંગ્રજ કેદીને પકડી લાવ્યા, જે ફ્રાંસની જેલમાંથી છટકીને એક મામુલી તરાપામાં બેસી ઈંગ્લિશ ખાડી પાર કરીને ભાગી છૂટવાના પ્રયત્ન કરતો હતો. નેપોલિયને તેને પૂછ્યું કે આવા તકલાદી તરાપામાં ખાડી પાર કરવા જતાં તને બીક ન લાગી? તેણે મક્કમતાથી ના કહેતાં નેપોલિયન બોલ્યો: 'તારી કોઈ પ્રેયસી ત્યાં રાહ જોતી હશે.' કેદીએ કહ્યું : "પ્રેયસીને નહીં, પણ મારી માને મારે મળવું છે. દુનિયામાં મારા વિના એનું કોઈ નથી. આપ દયા કરી મને મુક્તિદાન આપશો તો આજ તરાપા પર ખાડી પાર કરી હું ઈંગ્લેન્ડ પહોંચી જઈશ." આથી દ્રવિત થઈ, નેપોલિયને એને મુક્ત કર્યો, એટલું જ નહિ પણ તેને સુખરૂપ ઈંગ્લેન્ડ પહોંચવાનો બંદોબસ્ત કરી આપ્યો.

–ધૂની માંડલીયા



# આત્મ સુધારણા

લક્ષ્મી પી. સોનેજી (ગોંડલ)

આજે માનવજાતિ ભીષણ કટોકટીમાંથી પસાર થઈ રહી છે. આજે આપણી સામે ઈતિહાસનો સંભવત: સૌથી મોટો પડકાર પડ્યો છે, આજે કરોડો લોકો અંધકારમય અને અનિશ્ચિત ભાવિની સતત ભીતિ નીચે જીવે છે. આજે દુનિયા જોખમ અને આફતથી વિનાશ તરફ આવેશપૂર્વક આગળ વધી રહી છે. "આજે માનવતાનો સંભવિત હત્યારો માત્ર એક જ છે અને એ માનવ છે. માનવ જ માનવજાતનો એક માત્ર જીવિત ખતરનાક શત્રુ છે. અને એજ માનવજાતને મળ્યો હોય એવો સૌથી ભયંકર શત્રુ છે; કારણ માનવજાતના હાલના આ માનવ–હત્યારાઓ વિજ્ઞાને એમના હાથમાં મૂકેલાં શસ્ત્રોથી સજ્જ થયેલા છે."

આજે ભૌતિક વસ્તુઓ, સોનું અને સોનાથી ખરીદાતી વસ્તુઓ, ઊંચા વેતન અને કામના ઓછા કલાકો પર ભાર મૂકવામાં આવે છે. આજે આપણે "આત્મ સુધારણા" કરતાં જીવન પરિસ્થિતિમાં સુધારણાની વાતો વધુ સાંભળીએ છીએ. ભારતના આર્ષદૃષ્ટાઓએ શીખવ્યું છે કે દુનિયાનું નિર્માણ કાગળ પરની યોજનાઓ દ્વારા નહિ, પરંતુ નવા માનવીઓથી થશે. હૃદયનું નવીકરણ ન થાય તો, આપણી યોજનાઓ મિલકતપ્રિય તથા સત્તાલોલુપ એવા "મધ્યમ" વર્ગને ઊંચે ચડાવવા અને પ્રબળ બનાવવાના લક્ષ્યવાળી બુર્જ્વા ભાવનાઓના કાબૂ તળે રહેશે.

## સુધારો

અધ્યાત્મ જાન્યુ, ૯૦ ના અંકના પાના ૪૦ ઉપર ઉપયોગી પુસ્તકોની જે યાદી આપી છે, તેમાં ક્રમ નં. ૭ ઉપરના પુસ્તકનું નામ "અધ્યાત્મનો અર્ક" છે. તે પુસ્તક માટે દિવ્યજીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૧ ને લખવું.

ક્રમાંક ૧ થી ૬ સુધીનાં પુસ્તકો તંત્રી અધ્યાત્મ, પરમધામ, પ્લોટ નં. ૧૬૮૮ બી, સરદારનગર, ભાવનગર-૧ ને મનીઓર્ડર મોકલવાથી રવાના કરવામાં આવશે.

'પતીજ તારી જાશે' (પૃષ્ઠ ૬૦) ઉપરના કાવ્યમાં છઠ્ઠી લીટી આ પ્રમાણે વાંચવી:–

ચાટી શકાય નહિ ભોંયે થૂંક્યું,
અસત્યે શિર ન ઝૂક્યું.

–તંત્રી

## આજીવન સભ્યો માટે ખાસ સૂચના

"અધ્યાત્મ"ના આજીવન સભ્યોના ગ્રાહક નંબર નવા આપેલ છે. તેથી જે તે આજીવન સભ્યોએ પોતાના ગ્રાહક નંબર નોંધી લેવા અને "અધ્યાત્મ" સાથેના પત્રવ્યવહારમાં તેનો ઉલ્લેખ અવશ્ય કરવો. આ નંબર તેઓના સરનામાની કાપલી ઉપર છાપેલ છે.

–તંત્રી



## એક ચાહ

લો! બધું જ છોડી દીધું.
દુન્યવી માયાનાં બંધનો તો
ક્યારનાં ય છૂટી ગયાં છે,
મનમાં વસતા તમામ ભાવો
પણ શાંત થઇ ગયા છે.
ક્યાંય કશું બાકી નથી;
પરંતુ, હે પ્રભુ!
રહી છે એક માત્ર ચાહ
તારા દર્શનની.

* * *

દુન્યવી વાતોથી
ઉમટેલાં મારાં આંસુ
છેલ્લે પલટાઇ જાય છે
હે મા!
એક માત્ર તારા જ
પ્રેમની ઝંખનામાં

–આશા ભક્ત

# પુનિત મહારાજના પ્રેરક પ્રસંગો

પુનિત પદરેણુ

(ગતાંકથીચાલુ)

મહારાજે એકવાર પોતાના ભજનના કાર્યક્રમ દરમિયાન જાહેર કરી દીધું કે "આ શરીર પર હવે સગાંઓનો હક રહ્યો નથી. હવે તે સાર્વજનિક બન્યું છે."

મહારાજ સાધુ–સંન્યાસી થઇ જશે એવું તેમના સાથીઓને લાગ્યું. મહારાજ આવું પગલું ભરે તો તેમના કુટુંબની જવાબદારી વિચારી દર મહિને તેમના કુટુંબને બસો રૂપિયા મળતા રહે તેવી વ્યવસ્થા કરવાનું નક્કી થયું. ગોરધનદાસ રામોલિયાએ આ સેવા કરવાનું મનમાં નક્કી કર્યું. મહારાજે સાધુજીવનનો ઊંડાણથી અભ્યાસ કરીને તારણ કાઢ્યું કે 'સાધુ થવું તેના કરતાં સીધા થવું વધારે સારું છે. અને પછી સંન્યાસી થવાનું માંડી વાળ્યું. સંસારમાં રહીને પ્રભુભજન કરવાનું ચાલુ રાખ્યું.

એકવાર શિયાળાની કાતિલ ઠંડીમાં મહારાજ ઉભા રહીને ભજન કરે. એક ભાઇના દિલમાં રામ વસ્યા. તેમણે નવી શાલ મહારાજને ઓઢાડી. મહારાજે તે શાલ બાજુમાં એક સાધુને અર્પણ કરી. સૌ એ ત્યાગમૂર્તિ તરફ જોઇ રહ્યાં.

એકવાર ચોમાસાના દિવસોમાં મહારાજ પલળતા આવ્યા અને તેજ હાલતમાં ભજન કરવા ઊભા થયા. લોકોએ તેમને શરદી થશે એવી દહેશત વ્યક્ત કરી. ત્યારે મહારાજે જણાવ્યું



"નાસવંત શરીરના બહુમાન શા માટે?

* * *

એક સમયે શ્રી રામોલિયાએ એક હજારવાર જમીન મહારાજને અર્પણ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. તેમના પુત્ર હરિશ્ચંદ્રે આ જમીન સ્વીકારવા મહારાજને વિનંતિ કરી. મહારાજે ભજન દરમિયાન આ જમીન સ્વીકારવાની જાહેરાત કરી અને જમીન જનહિત કાજે અર્પણ કરી દીધી. પોતાનો કે પોતાના વંશવારસોનો હક તેના પર રહેશે નહિ તે પણ સ્પષ્ટ કરી દીધું. કેવો ભવ્ય ત્યાગ! આ જમીન પર આજે પુનિત સેવાશ્રમ ઊભો છે.

* * *

**જનસેવા એજ પ્રભુસેવા**

૧૯૪૧ માં અમદાવાદમાં હિંદુ–મુસ્લિમ કોમી તોફાનો ફાટી નીકળ્યાં. જમાલપુરમાંથી હિંદુ કુટુંબો ઘર છોડીને ખાડિયા આવ્યાં. તેમનાં બંધ મકાન લૂંટાઇ ગયાં, ખાલી મકાનને આગ ચાંપવામાં આવી. નિરાધાર કુટુંબોને માટે મહારાજે ભજનના કાર્યક્રમમાં ફાળો એકત્રિત કર્યો. તેમાંથી અનાજ, કપડાં, દવા, લોકોને પહોંચાડવામાં આવતાં. અનાજ અને કાપડનું રેશનિંગ થતાં રેશનકાર્ડનું જે બિલ થાય તે રાહતફંડમાંથી આપવામાં આવતું. ભાગવત સપ્તાહ યોજીને તેની આવકમાંથી રાહતકાર્ય આગળ ધપાવ્યું.

* * *

રેશનીંગના જમાનામાં સરકારનો કાયદો આવ્યો કે જે મકાનને સેન્સસ નંબર હશે તેને જ રેશનકાર્ડ મળશે.

ઝૂંપડામાં રહેતા અને ફૂટપાથ પર પડી રહેતા લોકોને સેન્સસ નંબરને અભાવે રેશનકાર્ડ મળે નહિ. આવા લોકો ગભરાઈ ગયા. મહારાજ એક રાત્રે ભજન કરીને પાછા ફરતા હતા. ફૂટપાથ પર બાળકોનો રડવાનો અવાજ સાંભળ્યો. પોતાની મા પાસે બાળકો અન્ન માગતાં હતાં. મહારાજ ત્યાં ગયા એક હોટલમાંથી એક શેર ભજિયાં લઈને બાળકોને આપ્યા.

મહારાજે બીજે દિવસે કલેક્ટરને મળી ઝૂંપડાવાસી અને ફૂટપાથ પર પડી રહેનારા લોકો માટે રજૂઆત કરી પરંતુ સાનુકૂળ પ્રત્યુત્તર ન મળ્યો.

મહારાજે ભજનમાં જાહેરાત કરી કે "જે લોકો સવામણની ભાખરી ભૂખ્યાં માણસો માટે તૈયાર કરશે તેમને ત્યાં ભજન થશે." મહારાજની આ ટહેલ મધ્યમ વર્ગનાં માણસોએ ઝીલી લીધી. પોળમાં લોટ ઉઘરાવીને બહેનો ભાખરી તૈયાર કરતી. મહારાજ રાજી થયા. ભજન પૂરું થયા પછી સ્વયંસેવકો સાયકલ પર જઈ ગરીબ ભૂખ્યાંને ભાખરી વહેંચી આવતાં. દિવસો સુધી આ જનસેવા કાર્ય ચાલુ રહ્યું. છેવટે કલેક્ટરને આ બાબતની જાણ થતાં રેશનકાર્ડની વ્યવસ્થા કરી આપી. મહારાજે ત્યાર પછી ભાખરીની પ્રવૃત્તિ આટોપી લીધી.

* * *

રાત્રે ભજન કરીને બેચાર વેપારીઓ સાથે મહારાજ પાછા ફરતા હતા. દુકાનોનાં ઓટલા પર ભિખારીઓ સૂતા હતા. કાતિલ ઠંડીમાં અંગ ઢાંકવાને પૂરતાં વસ્ત્રો પણ તેમના શરીર પર હતાં નહિ. બીજે દિવસે મહારાજે ભજન



દરમિયાન ગરીબોને કપડાં ધાબળા માટે ટહેલ નાખી. લોકોએ ઉમળકાભેર ફાળો આપ્યો. કપડાં, ધાબળાના ગંજ ખડકાયા. સ્વયંસેવકો દ્વારા તે વસ્તુઓ દરિદ્રનારાયણોને અર્પણ થઈ.

* * *

મણિનગરમાં પીડિત રાહત કેન્દ્ર શરૂ થયું. પછી આવાં રાહત કાર્યો ગામેગામ શરૂ કર્યાં. દેશના ભાગલા પછી આવેલા નિરાશ્રિતો માટે નિરાશ્રિત ફંડ એકઠું કરી તેમને મદદ કરી. બંગાળના દુષ્કાળમાં પણ સહાય કરી. 'જનસેવા એજ પ્રભુસેવા' એ ઉક્તિને મહારાજે ચરિતાર્થ કરી હતી.

* * *

## હરિનામ શ્રેષ્ઠ ઔષધ

પુનિત મહારાજ કાપડીવાડમાં રહેતા હતા. તેની બાજુની શેરી બગડાવાડમાં જનાર્દન નામના એક બ્રાહ્મણ રહે. મિલમાં નોકરી કરે. એકવાર વહેલી પરોઢે ઊઠ્યા, ત્યારે ખબર પડી કે આંખનું તેજ એકાએક હરાઈ ગયું છે. લલીતાબાએ મહારાજને ખબર કાઢવા જવા માટે જણાવ્યું, મહારાજ ત્યાં ગયા. આશ્વાસન આપ્યું. બધી દવાઓ નિષ્ફળ ગઈ હતી. તેથી હરિનામ લેવા જનાર્દનને અનુરોધ કર્યો. તેને ત્યાં માળા નહિ હોવાથી મહારાજે પોતાની માળા તેને આપી. ૨૪ કલાકના હરિનામના જપના પ્રતાપે આંખોની રોશની ફરી પ્રગટ થઈ.

* * *

લોકો નામસ્મરણમાં વધારે રસ લે તે માટે મહારાજે તુલસીની હજારો માળા મફતમાં વહેંચી. પુનિત મહારાજના અનુયાયીઓએ શરૂ કરેલી સદ્વિચાર પરિવાર સંસ્થા વૈરાગી

બાબાના પ્રભાત કીર્તનમાં આવી માળાઓ વહેંચે છે. વૈરાગી બાબા પુનિત મહારાજનાં ભજન–કીર્તનને પોતાના પ્રવચનમાં બિરદાવે છે.

* * *

હરિનામનો પ્રચાર ઠેરઠેર થાય તે માટે અમદાવાદના દરેક વોર્ડમાં પ્રભાત ફેરી શરૂ થઇ. સવારે પાંચ થી છ સુધી પ્રભાતફેરી પ્રભુનામ સંકીર્તન કરતી ફરતી. જે પૂરો મહિનો હાજરી આપે તેને ભજનની ચોપડી મફત મળતી.

મહારાજે અખંડ નામ સંકીર્તનની યોજના પણ અમલમાં મૂકી. ગુજરાતમાં પ્રભુનામ સંકીર્તન ગુંજતું કર્યું. પ્રભુનામ એ જ ભવસાગર તરવાનો એકમાત્ર સરળ ઉપાય છે. પ્રભુનામ સંકીર્તનનો ઘણો મોટો મહિમા છે.

સૌરાષ્ટ્રમાં જામનગર, પોરબંદર, વગેરે સ્થળોએ પ્રેમભિક્ષુજી મહારાજે સ્થાપેલાં 'અખંડનામ સંકીર્તન' મંદિરો નામ સંકીર્તનનો મહિમા ગાતાં આજે પણ ઊભાં છે. અને "શ્રીરામ જય રામ, જય જય રામ"ની અખંડ ધૂન દ્વારા વાતાવરણને ભક્તિમય બનાવે છે.



# રામકથા

યોગેશ્વરજી

(ગતાંકથી ચાલુ)

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'એ નાક કાન કાપી નાખવાને યોગ્ય જ હતી.'

'તો તમે પણ નાશને યોગ્ય જ છો. અમે તમારો નાશ કરવા માટે જ આવી પહોંચ્યા છીએ. તમારો તથા લક્ષ્મણનો નાશ કરીને અમે રૂપસુંદરી સીતાને અમારી સાથે લઇ જઇશું ને અમારા રાજા ખરને અર્પણ કરીશું. ઘડીના છઠ્ઠા ભાગમાં જ અમે તમને રણમાં રોળી નાખીશું.'

એમ કહીને એ રાક્ષસો જુદાં જુદાં અનેક પ્રકારનાં અસ્ત્રશસ્ત્રો સાથે રામપર તૂટી પડયાં. શૂર્પણખા એ જોઇને ખૂબ જ હરખાઇ ગઇ પરંતુ એનો એ હરખ ક્ષણિક નીવડયો. રામે રાક્ષસોનાં શૂલને કાપી નાખ્યાં, અને એ ચૌદ રાક્ષસોને ચૌદ બાણ મારીને ધરાશાયી કરી દીધા. રાક્ષસોની છાતીમાં વાગેલાં એ બાણોએ એમની છાતીને છેદી નાખી અને લોહીથી લથપથ કરી દીધી.

એમને પૃથ્વીપર નિર્જીવ પડેલા જોઇને શૂર્પણખા શોકમાં ડૂબી ગઇ ને ખર પાસે જઇને ફરી આક્રંદ કરવા લાગી. એ બોલી 'તારા મોકલેલા ચૌદ રાક્ષસો યુદ્ધકળામાં કુશળ હોવા છતાં કોઇક ગફલતને વશ થઇને રામદ્વારા માર્યા ગયા છે. એને લીધે મારું દિલ ઘણું જ દુઃખી બની ગયું છે. રામ રાક્ષસોના શત્રુ છે. તારામાં બાહુબળ હોય તો એમનો નાશ કરવા તત્પર થા. એમનો નાશ નહિ થાય ત્યાં સુધી મને ચેન નહિ પડે ને ઊંઘ પણ નહિ આવે. રામ અને લક્ષ્મણ કોઇ અદ્‌ભુત શક્તિસંપન્ન યક્ષગંધર્વ કે દેવતા નથી. એ તો સામાન્ય માનવ છે.

એમનો નાશ કરવાનું કામ તદ્દન સહેલું છે. એમનો સામનો કરીને એમનો વધ કરીશ ત્યારે જ તારાથી આ પ્રદેશમાં સુખપૂર્વક રહી શકાશે.'

શૂર્પણખાનું આક્રંદ સાંભળીને ખરનું હૈયું હાલી ઊઠયું. એ ક્રોધે ભરાઇને કહેવા માંડયો. 'મારા પરાક્રમ આગળ રામ અને લક્ષ્મણનું પરાક્રમ તણખલા બરાબર પણ નથી લાગતું. તારે રડવાનું કે શોક કરવાનું કારણ કશું જ નથી. એ નરાધમોને હું હમણાં જ રણમાં રોળી નાખું છું ને તારો સઘળો શોક દૂર કરું છું.'

ખરે પોતાના સેનાપતિ દૂષણને બોલાવીને ચૌદ હજાર યુદ્ધ નિપુણ રાક્ષસોની સેના તૈયાર કરવાની ને સુંદર રથને લાવવાની આજ્ઞા કરી. એ રથપર બેસીને ખર અને દૂષણે રાક્ષસોની વિશાળ સેનાને યુદ્ધને માટે કૂચ કરવાનો આદેશ આપ્યો.

સેનાએ કૂચ કરી એજ વખતે અનેક પ્રકારના અપશુકન થવા માંડયા. આકાશમાં વર્ષાઋતુ ના હોવા છતાં પણ કાળાં વાદળ ઘેરાઇ આવ્યાં ને લાલ લોહી જેવું પાણી વરસાવવા લાગ્યું. ખરના રથના ઘોડા સપાટ જમીન પર દોડતા દોડતા એકાએક નીચે પડી ગયા. એના રથની ધજાપર એક મોટું ગીધ આવીને બેસી ગયું. એના પોતાના મસ્તકમાં પીડા થવા લાગી.

છતાં પણ એ અપશુકનની અસર એના પર કશી જ ના થઇ. એ અહંકારમાં ઉન્મત્ત બનીને બોલી ઉઠયો. 'આવા ભયંકર ઉત્પાતોને જોઇને મને જરા પણ ચિંતા નથી થતી, કે લેશ પણ ભય નથી લાગતો. યુદ્ધમાં મારો મુકાબલો કોઇ જ નથી કરી શકે તેમ. રામ તથા લક્ષ્મણનો વધ કરીને શૂર્પણખાને શાંતિ આપ્યા પછી જ હું પાછો વળીશ. મારી સામે કાળ આવે તો પણ હું એને હંફાવી ને હરાવી શકું એમ છું તો રામ અને લક્ષ્મણનો શો હિસાબ છે?

રાક્ષસોની ભયંકર સેનાને દેખીને રામ પરિસ્થિતિ સમજીને યુદ્ધને માટે તૈયાર થયા ને લક્ષ્મણને ઉદ્દેશીને બોલ્યા, 'રાક્ષસોની આ વિશાળ સેનાનો સંહાર તું એકલે હાથે કરી શકે તેમ છે, તો પણ તેના નાશની



જવાબદારી હું પોતે જ ઉપાડી લઉં છું. તું સીતાની સલામતીનો વિચાર કરીને એને પર્વતની ગુફામાં લઇ જા. જ્યાં સુધી યુદ્ધ પૂરું ના થાય અથવા મારા હાથે રાક્ષસોનો નાશ ના થાય ત્યાં સુધી તું સીતાની રક્ષા કરતો રહેજે. એ કાર્ય પણ યુદ્ધકાર્યના જેટલું જ મહત્ત્વનું છે.'

લક્ષ્મણે રામની સૂચનાનું શીઘ્ર પાલન કર્યું. એ પછી નિશાચરોની વિશાળ સેના સાથે સેનાપતિ દૂષણે રામપર આક્રમણ કર્યું. એ જોઇને રામે પણ પોતાના વાયુવેગી તીખાં તમતમતાં બાણોને રાક્ષસોની સેનાપર છોડવા માંડયાં. એ ભયંકર રાક્ષસોનો નાશ થયો ને છેવટે દૂષણ પણ ઘોર રીતે ઘાયલ થઇને મરણ પામ્યો ત્યારે ખરનો ક્રોધ પરાકાષ્ઠા પર પહોંચ્યો.

એણે રાક્ષસોને પોતાની ઉત્સાહપ્રેરિત વીરવાણીથી ઉત્તેજીત કર્યા. એ રાક્ષસો રામપર વીરતાપૂર્વક તૂટી પડયા છતાં પણ રામે પોતાના અભૂતપૂર્વ પરાક્રમનો પરિચય કરાવતાં એમને ધરાશાયી કરી દીધા. ખરના બીજા સેનાપતિ ત્રિશિરાનો પણ જોતજોતામાં નાશ થઇ ગયો ત્યારે ખર એકલો પડયો.

એણે પોતાના રથને આગળ લાવીને રામને કહ્યું. 'મારી બેન શૂર્પણખાના ઘોર અપમાનનો બદલો લેવા માટે આજે હું આવી પહોંચ્યો છું. જે રાક્ષસો તો તેં સંહાર કર્યો છે તે રાક્ષસોનો છેક જ સાધારણ કક્ષાના હતા. એમનો નાશ કરવા માટે કોઇ વિશેષ વીરતાની આવશ્યકતા ન હતી. ખરી લડાઇ તો મારી સાથે કરવાની છે. હું તારો કાળ બનીને આવી પહોંચ્યો છું. તારી બધી જ યુદ્ધકળા હવે નકામી થઇ પડશે અને તું મારે હાથે ઘાયલ થઇને યમસદનમાં પહોંચી જશે.'

રામે એને યુદ્ધ માટે લલકારતાં કહ્યું. 'તારા ઘમંડનો હું હમણાં જ નાશ કરું છું. તેં દંડકારણ્યમાં વસનારા અસંખ્ય ઋષિઓનો નાશ કરીને ભયંકર પાપ કર્યું છે. આજે હવે તારો પોતાનો કાળ આવી પહોંચ્યો છે. તું એમાંથી નથી છટકી શકે તેમ. હું તને તારા કુકર્મોની શિક્ષા હમણાં જ પ્રદાન કરું છું.'

( ક્રમશઃ )

## સદ્‌ભાવભરી ભેટ

૧૦૦ શ્રી દિવાળીબેન વી. પારેખ, રાજકોટ–ભાઈ નિમીસ પાસ થતાં.

૫૧ શ્રી ચંદ્રકાન્ત પંડ્યા, રાજકોટ–અકસ્માતમાંથી ઉગરી જતાં.

૫૦ મહંત શ્રી શિવગિરિજી ગુરુ માધવગિરિજી, મેસવાણ.

૫૧ શ્રી હિંમતલાલ મોતીલાલ મહેતા, ગોરેગાંવ (મુંબઈ)–ઓપરેશન સફળ થતાં.

૫૦ શ્રી રામદાન નારણદાન મિસણ, મોરબી.

૧૦૧ ડો. ઘનશ્યામભાઈ તથા રંજનાબેન દેસાઈ, ભાવનગર તરફથી ભાઈ ભાવેશના વેવિશાળ નિમિત્તે.

૫૧ કુ. નૈનાબેન દિલીપકુમાર પારેખ, બીકાનેર તરફથી ભાઈ ભાવેશના વેવિશાળ નિમિત્તે.

૨૦૧ શ્રી દિલીપકુમાર હિમ્મતલાલ પારેખ, બીકાનેર તરફથી નવી મારૂતીવાન ખરીદતાં.

૨૦૧ ચિ. હર્ષના મહેન્દ્રભાઈ ભક્ત, ઓસ્ટ્રેલિયા–જન્મદિન નિમિત્તે.

૧૩૬ શ્રી કંચનભાઈ એમ. પટેલ, શીપ ઉપર જોડાતાં.

૧૦૧ શ્રી ચીમનભાઈ એચ. પટેલ, ભાવનગર.

૫૫ શ્રી રામભાઈ પાઠક, જાફરાબાદ–સ્વ. પિતાશ્રી વિષ્ણુરાવ માર્તંડના સ્મરણાર્થે

૫૧ શ્રી રાજેન્દ્ર નારાયણદાસ જાની, જેતપુર–ગુરુકૃપાથી અણધારી આપત્તિમાંથી ઉગરી જતાં.

## ના ઊઠે તે ભગવંત

આત્માના અંતરંગ અભ્યુત્થાનની એક અન્ય અવસ્થા વિશેષ પણ છે. એ અવસ્થાને 'ના ઊઠે તે ભગવંત' એવા નામનિર્દેશ સાથે ઓળખવામાં આવી છે. આરંભની અવસ્થાવાળા સાધકો પોતાના વિચારો, વિકારો, ઊર્મિઓ, વૃત્તિઓ અને પશુભાવનાના પ્રભાવમાં પડીને તેમના પ્રવાહમાં પરવશ બનીને વહેવા માંડે છે. એ અવસ્થાથી આગળ વધેલા સાધકો–સંતકોટિના સાધકો–વિચારો, ભાવો, વિકારો પર કાબૂ કરી શકે છે. વિચારો કે વિકારોને વશ નથી થતા. એના કરતાં પણ આત્મિક અભ્યુત્થાનની આગળની અવસ્થા વિશેષ પર પહોંચેલા મહાપુરુષોની અંદર દુર્વિચારો, દુર્ભાવો, દુર્વાસનાઓ ઊઠતાં જ નથી. બૂરા વિચારો, ભાવો, સંસ્કારો, વિકારોને ઊઠ્યા પછી સદ્‌બુદ્ધિનો આશ્રય લઈને શાંત કરવામાં આવે તે એક વાત છે, અને એ મનમાં કોઈએ કારણે પેદા જ ના થાય એ બીજી વાત છે. એ અવસ્થામાં માનવનું સૂક્ષ્મ મન અથવા અંતસ્તલ પણ નિષ્પાપ, નિર્દોષ, નિર્મળ બની જાય છે. ગમે તેવા વિકૃત્ત વાતાવરણમાં પણ એ સંપૂર્ણ શાંત અને સ્વસ્થ રહે છે. એની અંતરંગ શાન્તિ, સ્વસ્થતા. સ્થિતપ્રજ્ઞતાનો ભંગ કદી કાળે નથી થતો. એવા લોકો બ્રહ્મ જેવા નિર્દોષ હોય છે; એવું શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહેવામાં આવ્યું છે:–निर्दोषं हि समं ब्रह्म, तस्मात् ब्रह्मणि ते स्थिताः।

એવા પવિત્રતા તથા પ્રભુમયતાની પરાકાષ્ઠાએ પહોંચેલા પુરુષ વિશેષોને ભગવંત સ્વરૂપે ઓળખવામાં ને આદરપાત્ર માનવામાં કશી હરકત નથી. તેઓ સદાય વંદનીય છે.

—યોગેશ્વરજી

# અસંગશસ્ત્ર

અસંગશસ્ત્ર એ બીજું કોઈ જ શસ્ત્ર નથી પણ સંગદોષથી બચાવનારું અનાસક્તિનું શસ્ત્ર છે. માણસ સંસારના જે પદાર્થો, વિષયો, પ્રસંગો તથા સંજોગોની અસર નીચે આવે છે એની સારી માઠી છાપો એના મન અને તન પર પડયાં કરે છે. એ છાપોની પ્રતિક્રિયારૂપે એ સુખીદુઃખી પણ થતો રહે છે. સંકલ્પ વિકલ્પ ને વાસનાથી યુક્ત બને છે અને બંધનોમાં બંધાય છે. હર્ષ ને શોક, અહંતા અને મમતા, તથા રાગ અને દ્વેષ એને ઘેરી વળે છે. એનું નામ જ વિશાળ શાખાઓવાળો સુદૃઢ સંસાર. એ જેમ બહાર છે તેમ અંદર પણ છે. એનું મૂળ તો અંદર છે એમ કહીએ તો ચાલે. એ સંસારને નિરર્થક કે નહિવત્ કરવાને માટે અસંગશસ્ત્રનો પ્રયોગ કરવાનો છે. એ શસ્ત્રના ઉપયોગમાં ક્રમે ક્રમે સિદ્ધહસ્ત બનવાનું છે. એવી સિદ્ધહસ્તતા પ્રાપ્ત કરીને સંસારના સંજોગો, પ્રસંગો, વિષયો ને પદાર્થોની પ્રતિક્રિયામાંથી મુક્તિ મેળવવાની છે. એ પ્રતિક્રિયા આપણને ચંચલ ના કરે, વ્યગ્ર ના બનાવે, આપણી માનસિક સ્વસ્થતા ને શાન્તિનો નાશ ના કરી નાંખે, અને જીવનના પુણ્યમય પ્રવાસના અંતિમ આદર્શની વિસ્મૃતિ ના કરી દે, એ જોવાનું છે. એટલી સિદ્ધિ થઈ જાય એટલે જીવન ધન્ય બની જાય.

—યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:-પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર-૧.